અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

04 JANUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 184 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  RSS ભાજપને કન્ટ્રોલ કરતું નથી, સંઘની સાચી ઓળખ સમાજ નિર્માણ

4 

10 જાન્યુઆરી એટલે વિશ્વ હિન્દુ દિવસ! પણ શું ભારતીય ખુદ એને મહત્વ આપે છે ?

6  BCCIના આદેશના થોડા કલાકમાં જ મુસ્તફિઝુર KKRમાંથી રિલીઝ, બાંગ્લાદેશમાં 3 હિંદુની હત્યા બાદ દેશભરમાં વિરોધ થયો

7  FASTag યુઝર્સ માટે ખુશખબર, 1 ફેબ્રુઆરીથી KYV પ્રક્રિયાની ઝંઝટ ખતમ

## NEWS BRIEF

### દિલ્હીમાં બુદ્ધના અવશેષોવાળા એક્ઝિબિશનનું ઉદ્ઘાટન

**મોદીએ કહ્યું- 125 વર્ષ પછી વારસો ભારત પાછો ફર્યો; તેમનું ભારતમાંથી જવું અને ફરી આવવું એક બોધપાઠ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દિલ્હીના રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલા પવિત્ર પીપરહવા અવશેષોના ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે ભગવાન બુદ્ધના જીવન સાથે જોડાયેલી વસ્તુઓ જોઈ અને માહિતી મેળવી. આ પ્રદર્શનનું નામ 'પ્રકાશ અને કમળ: જાગૃત વ્યક્તિના અવશેષો' રાખવામાં આવ્યું છે. વડાપ્રધાને સંસ્કૃતિ અને બૌદ્ધ ધર્મમાં રસ ધરાવતા લોકોને આ પ્રદર્શન જોવા અપીલ કરી. તેમણે કહ્યું કે આ એક ઐતિહાસિક અવસર છે, કારણ કે પીપરહવાના આ અવશેષો 100 વર્ષથી વધુ સમય પછી ભારતમાં પાછા લાવવામાં આવ્યા છે. આ પ્રદર્શનમાં એક સદીથી વધુ સમય પછી સ્વદેશ પાછા ફરેલા પીપરહવાના પવિત્ર અવશેષો છે. પ્રદર્શનમાં નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સુરક્ષિત અને કોલકાતાના ભારતીય સંગ્રહાલયમાં સંરક્ષિત પુરાતત્વીય સામગ્રી પણ છે. PM મોદીએ પ્રદર્શન સંબંધિત તસવીરો શેર કરી. પિપરહવા અવશેષો ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલી પવિત્ર અને પુરાતત્વીય વસ્તુઓ છે. આ અવશેષો ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં આવેલા પિપરહવા નામના સ્થળે ખોદકામ દરમિયાન મળ્યા હતા.

### ગજરાજ પર સવાર થઈ માતાજી નગરચર્યાએ નીકળ્યાં

આદ્યશક્તિ મા અંબાનું પ્રાગટ્ય પર્વ, એટલે કે પોષી પૂનમના અવસરે આજે (3 Jan 2026) યાત્રાધામ અંબાજી ભક્તિના રંગે રંગાયું હતું. માના અવતરણ દિવસની આસ્થાભેર ઉજવણી કરવા માટે સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટી પડ્યું હતું. ગબ્બરની જ્યોતથી માંડીને નગરચર્યા સુધીના દરેક પ્રસંગે અંબાજીમાં એક દિવ્ય અને અલૌકિક વાતાવરણ સર્જાયું હતું. ઉત્સવની શરૂઆત વહેલી સવારે માના જ્યોતિસ્થાન ગબ્બર પર્વતથી થઈ હતી. ગબ્બરની 'અખંડ જ્યોત' તેમજ 51 શક્તિપીઠ મંદિરમાંથી જ્યોતનો અંશ લાવી ભવ્ય જ્યોતયાત્રા કાઢવામાં આવી હતી. ગબ્બર શિખર પર ધજા રોહણ બાદ વિદ્વાન પંડિતો અને ભક્તો દ્વારા આ જ્યોતનું સ્વાગત કરી તેને નિજ મંદિર લાવવામાં આવી હતી, જ્યાં તેને મુખ્ય જ્યોતમાં વિલીન કરાઈ હતી. આ સાથે જ ચાચર ચોકમાં 'મહાશક્તિ યાગ' અને શક્તિદ્વાર પર ભવ્ય 'મહાઆરતી' યોજાઈ હતી, જેમાં હજારો ભક્તોએ એકસાથે માની આરાધના કરી હતી. આ પ્રાગટ્યોત્સવનું મુખ્ય આકર્ષણ મા અંબાની ભવ્ય શોભાયાત્રા રહી હતી. મા અંબા સ્વયં ભક્તોને દર્શન આપવા માટે ગજરાજ (હાથી) પર આરૂઢ થઈ નગર ભ્રમણ પર નીકળ્યાં હતાં. આ શોભાયાત્રામાં 40થી વધુ કલાત્મક અને ધાર્મિક ઝાંખીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓનાં ટેબલો આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. આદિવાસી નૃત્યો, નાસિક ઢોલ, બેન્ડવાજા અને શરણાઈઓના સૂરે વાતાવરણને ગજવી દીધું હતું. માથે કળશ અને શ્રીફળ લઈને સજ્જ થયેલી બાલિકાઓ અને સંસ્કૃત પાઠશાળાના બટુકોએ યાત્રાની શોભા વધારી હતી. પોષી પૂનમને 'સુખડી પૂનમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રસંગે 'શ્રી અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ' દ્વારા 2100 કિલો સુખડીનો પ્રસાદ ભક્તોમાં વિતરિત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ દિવસને 'શાકમ્ભરી પૂનમ' તરીકે ઊજવતાં માતાજીને વિવિધ શાકભાજીઓનો મનોહર શણગાર કરવામાં આવ્યો હતો, જે જોઈ ભક્તો ગદગદ થઈ ગયા હતા. નગરના માર્ગો પર ઠેર-ઠેર અંબાજીના રહિવાસીઓ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરાયું હતું અને શ્રદ્ધાળુઓ માટે ઠંડાં પીણાં અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### રાજકોટના વાઇબ્રન્ટ સમિટ બાદ દર્શને જવાની શક્યતા, વહીવટીતંત્રે તૈયારી આરંભી, ગઝનવીના હુમલાનાં એક હજાર વર્ષ થશે

# PM મોદી સોમનાથનાં ચરણોમાં શીશ ઝુકાવશે

**નવી દિલ્હી, તા.03**

PM નરેન્દ્ર મોદી આગામી 11 જાન્યુઆરીથી ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટ અને રોડ શોમાં સહભાગી થયા બાદ PM સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવે એવી પ્રબળ શક્યતા છે. દરમિયાન મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું એનાં એક હજાર વર્ષ થશે. ત્યારે તેના સંદર્ભમાં પણ કાર્યક્રમ યોજાશે, જેમાં એક હજાર અશ્વ એકત્ર કરાઈ રહ્યા છે. વડાપ્રધાનની આ સંભવિત મુલાકાતને પગલે ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દરમિયાન સોમનાથ મંદિર કોરિડોર સંદર્ભે પણ ચર્ચાવિચારણ થઈ શકે છે. આ પ્રવાસનું વિશેષ મહત્ત્વ ઈતિહાસ સાથે જોડાયેલું છે. ઈતિહાસ મુજબ, ઈ.સ. 1026માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું હતું. વર્ષ 2026માં આ ઐતિહાસિક ઘટનાને 1000 વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ નિમિત્તે સોમનાથ ખાતે એક અભૂતપૂર્વ કાર્યક્રમ યોજવાનું આયોજન છે, જેમાં રાજ્યભરમાંથી પોલીસ માઉન્ટેડ દળના 1000 અશ્વોને એકત્ર કરવામાં આવશે. આ પ્રતીકાત્મક આયોજન દ્વારા સોમનાથના પુનરુદ્ધાર અને અસ્મિતાની ગાથા રજૂ કરવામાં આવી શકે છે.



### કોરિડોર પ્રોજેક્ટ અને વિકાસકાર્યોની સમીક્ષા

શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે પ્રધાનમંત્રી મોદીના કાર્યકાળમાં સોમનાથ મંદિર કોરિડોર પ્રોજેક્ટ અત્યંત ગતિશીલતાથી આગળ વધી રહ્યો છે. હાલ મંદિર આસપાસની જમીન સંપાદનની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી કોરિડોર પ્રોજેક્ટના પ્રગતિ કાર્યનું નિરીક્ષણ કરી શકે છે અને વિકાસના નવા પ્રકલ્પોની જાહેરાત કરે તેવી પણ સંભાવના છે.

## મોરબીના ટંકારામાં ઘૃણાસ્પદ બનાવમાં પીડિત સારવાર હેઠળ, મામલતદારની હાજરીમાં આરોપીની ઓળખ પરેડ

### ઝઘડાનો બદલો લેવા 2 વર્ષના બાળક સાથે સૃષ્ટિવિરૂદ્ધનું કૃત્ય

**યુપી, તા.03**

ટંકારા તાલુકાના નેકનામ ગ્રામ્ય વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કારખાનામાં કામ કરતા બે વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું છે. આ કૃત્ય બાળકના પિતા સાથેના અગાઉના ઝઘડાનો બદલો લેવા માટે કરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. નેકનામ ગામના ઔદ્યોગિક એકમમાં મજૂરી કરતા પરિવારના બે વર્ષના બાળકને તે જ કારખાનામાં કામ કરતા રામવિકાસ ગેના શાહ નામના શખ્સે નિશાન બનાવ્યો હતો.



રામવિકાસ બાળકને પોતાના રૂમમાં લઈ ગયો હતો અને તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ કૃત્યના કારણે બાળકને ગંભીર ઈજાઓ થઈ હતી. બાળકને તાત્કાલિક ટંકારા અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. બાળકના પરિવારજનો દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી રામવિકાસ શાહની ધરપકડ કરી હતી. વાંકાનેર ડિવિઝનના ડીવાયએસપી સમીર સારડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આરોપી અને બાળકના પિતા એક જ કારખાનામાં કામ કરતા હતા. તેમની વચ્ચે અગાઉ બોલાચાલી અને ઝઘડો થયો હતો, જેનો ખાર રાખીને આરોપીએ બદલો લેવા આ માસૂમ બાળકને હવસનો શિકાર બનાવ્યો હતો. પોલીસે બાળ ડોક્ટરની હાજરીમાં મામલતદાર સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવી હતી.

## સુરતમાં 3 દિવસમાં 3 હત્યા : ઘર પાસે લઘુશંકા કરવાની ના પાડતાં બે ભાઈ પર હુમલો

### એકનું મોત, એક હોસ્પિટલમાં; બનેવી બોલ્યા, બિહાર મોકલી દો, અમારે નથી રહેવું

**સુરત, તા.03**

સુરત શહેરમાં અપરાધીઓનો ખોફ જાણે ઓગળી ગયો હોય એમ લાગી રહ્યું છે. લિંબાયત અને સચિન વિસ્તાર બાદ હવે ભેસ્તાનના ઉન વિસ્તારમાં હત્યાની સનસનીખેજ ઘટના બની છે, એટલે કે સુરતમાં 3 દિવસમાં 3 હત્યાના બનાવ બન્યા છે. ત્યારે આજે ભેસ્તાનના ઉન નવાબ રેસિડેન્સી પાસે રહેતા બે ભાઈ પર અસામાજિક તત્ત્વોએ ચપ્પુ વડે હિંસક હુમલો કર્યો હતો, જેમાં એકનું મોત થયું છે. મૃતકના બનેવીએ કહ્યું, અમને બિહાર મોકલી દો, અમારે અહીં નથી રહેવું. સુરત શહેરમાં નવા વર્ષની ઉજવણી અને 31stની રાત્રિ લોહિયાળ સાબિત થઈ. સચિન વિસ્તારમાં ગુટકાના પૈસા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં યુવાનની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી, જ્યારે લિંબાયતમાં જૂની અદાવતનો ખાર રાખી 6થી 8 જેટલા શખસે 24 વર્ષીય યુવકની છાતીમાં ચપ્પુના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. જ્યારે આજે




3 જાન્યુઆરીના ભેસ્તાનના ઉન વિસ્તારમાં યુવકની હત્યા કરાઈ છે. આજે 3 જાન્યુઆરીએ સુરતના ભેસ્તાન વિસ્તારના ઉન નવાબ રેસિડેન્સી પાસે રહેતા 22 વર્ષીય મોહમ્મદ ઝફર હુસૈન અને તેના મોટા ભાઈ પર અસામાજિક તત્ત્વોએ ચપ્પુ વડે હિંસક હુમલો કર્યો હતો. આ હુમલામાં ઝફરનું મોત નીપજ્યું છે, જ્યારે તેનો મોટો ભાઈ સિવિલ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે.

## મહારાષ્ટ્રમાં 68 સીટ પર મતદાન કરાવવાની જરૂર નહીં પડે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ મહાયુતિની જીત

**મહારાષ્ટ્ર, તા.03**

મહારાષ્ટ્રમાં નગરપાલિકા ચૂંટણીના મતદાનના 13 દિવસ પહેલા ભાજપ ગઠબંધન (મહાયુતિ) એ 68 બેઠકો પર બિનહરીફ જીત નોંધાવી છે. ભાજપને 44 બેઠકો મળી, એકનાથ શિંદેની શિવસેનાએ 22 બેઠકો પોતાના નામે કરી. જ્યારે અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ખાતામાં બે બેઠકો આવી. નિયમો અનુસાર, જો કોઈ બેઠક પર માત્ર એક જ ઉમેદવાર મેદાનમાં રહે છે અને કોઈ અન્ય ઉમેદવાર નામાંકન કરતો નથી અથવા નામ પાછું ખેંચી લે છે, તો તે ઉમેદવારને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે. આ 68 બેઠકો પર પણ આ જ સ્થિતિ સર્જાઈ, તેથી મતદાન કરાવવાની જરૂર જ ન પડી. એટલે કે હવે 29 નગરપાલિકાઓની બાકી રહેલી 2801 બેઠકો પર 15 જાન્યુઆરીએ મતદાન થશે. પરિણામ 16 જાન્યુઆરીએ આવશે. ભાજપના જે 44 ઉમેદવારો



બિનહરીફ ચૂંટાયા છે. તેમાંથી સૌથી વધુ થાણે જિલ્લાના કલ્યાણ-ડોમ્બિવલી નગર નિગમમાંથી છે. આ પછી પુણે, પિંપરી ચિંચવડ, પનવેલ, ભિવંડી, ધુળે, જલગાંવ અને અહિલ્યાનગર નગર નિગમમાંથી ચૂંટણી જીત્યા. પુણેના વોર્ડ નંબર 35માંથી ભાજપના ઉમેદવાર મંજુષા નાગપુરે અને શ્રીકાંત જગતાપ બિનહરીફ ચૂંટાયા.

## નેપાળમાં વિમાન રનવે પરથી લપસી ગયું

## રનવે પાર કરીને નદીમાં જઈને અટક્યું, 55 પેસેન્જર્સના જીવ તાળવે ચોંટ્યા; જાણો કેવી રીતે દુર્ઘટના ઘટી



**દિલ્હી, તા.03**

નેપાળના ભદ્રપુર એરપોર્ટ પર શુક્રવારે રાત્રે લેન્ડિંગ કરતી વખતે બુદ્ધ એરનું એક વિમાન રનવે પરથી લપસી ગયું. અધિકારીઓનું કહેવું છે કે વિમાનમાં 50 મુસાફરો હતા. બધા સુરક્ષિત છે અને તેમને બહાર કાઢવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાન કાઠમંડુથી ભદ્રપુર જઈ રહ્યું હતું. રાત્રે લગભગ 9 વાગ્યે ભદ્રપુરમાં લેન્ડિંગ દરમિયાન એ રનવે પરથી નીચે ઊતરી ગયું. વિમાન રનવેથી લગભગ 200 મીટર દૂર એક નાની નદી પાસે અટકી ગયું. આ દરમિયાન વિમાનને પણ નુકસાન થયું. શુક્રવારે સાંજે નેપાળમાં ભદ્રપુર એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન બુદ્ધ એરનું એક પેસેન્જર વિમાન રનવે પરથી લપસી ગયું હતું. રાહતની મોટી વાત એ છે કે વિમાનમાં સવાર તમામ 50 મુસાફરો અને ચાર ક્રૂ-સભ્યો સુરક્ષિત છે. એવું કહેવામાં આવ્યું હતું કે નજીકમાં એક નદી હતી. જો વિમાન રોકાયું ન હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. કાઠમંડુ પોસ્ટ અનુસાર, બુદ્ધ એર ફ્લાઈટ 901એ સ્થાનિક સમય મુજબ રાત્રે 8:23 વાગ્યે કાઠમંડુથી ઉડાન ભરી હતી. આ વિમાન કેપ્ટન શૈલેષ લિમ્બુ ઉડાડી રહ્યા હતા. વિમાન ઝાપાના ભદ્રપુર એરપોર્ટ પર રાત્રે લગભગ 9:08 વાગ્યે ઊતર્યું. લેન્ડિંગ દરમિયાન વિમાને કાબૂ ગુમાવ્યો અને રનવે પાર કરીને બાજુના ઘાસના મેદાનમાં જઈને અટકી ગયું. વિમાન રનવે પરથી ઊતરતાંની સાથે જ મુસાફરો ભયભીત થઈ ગયા હતા.



## ન્યૂઝ ટ્રેક

### સુરતમાં 9થી 11 જાન્યુઆરી 'સુવાલી બીચ ફેસ્ટિવલ':ઓસમાણ મીર-ભૂમિ ત્રિવેદી સહિતના કલાકારો રેલાવશે સૂરની સરવાણી

**સુરત, તા.03**

સુરત શહેરના આંગણે ફરી એકવાર ઉત્સવનો માહોલ જોવા મળશે. આગામી 9થી 11 જાન્યુઆરીએ સુરત નજીક આવેલા સુંવાલીના દરિયાકિનારે ત્રિ-દિવસીય 'સુવાલી બીચ ફેસ્ટિવલ-2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ ફેસ્ટિવલમાં નાગરિકોને દરિયાની લહેરો સાથે સંગીત, સ્વાદ અને સાહસનો સંગમ માણવા મળશે. કાર્યક્રમના આયોજન માટે ધારાસભ્ય સંદિપ દેસાઈ અને જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી દ્વારા સમીક્ષા બેઠક યોજી તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. સુવાલી બીચ ફેસ્ટિવલ-2026'ના ભવ્ય આયોજનના ભાગરૂપે ધારાસભ્ય સંદિપ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સુંવાલી બીચને એક પ્રમુખ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કટિબદ્ધ છે, જેથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઉભી થાય અને સહેલાણીઓ દરિયાકિનારાના કુદરતી સૌંદર્યનો આનંદ માણી શકે. સુરત શહેરથી સુવાલી બીચ દૂર હોવાથી વિવિધ વિસ્તારોમાંથી પ્રવાસીઓને ફેસ્ટિવલ સ્થળ સુધી પહોંચવા માટે વિશેષ સિટી બસ અને એસ.ટી. બસની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. શહેરના 30 સ્થળેથી નાગરિકોને સિટી બસ મળી રહેશે. સાથે જ વહીવટી તંત્ર દ્વારા સલામતી અને વ્યવસ્થાપન પર વિશેષ ભાર મૂકતા જિલ્લા કલેક્ટરે તમામ સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા કલેક્ટરે સુરક્ષા અંગે સૂચના આપતા જણાવ્યું હતુ કે, દરિયાકિનારે કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ફાયર બ્રિગેડ, કુશળ તરવૈયા અને એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમો તૈનાત રહેશે. આ ઉપરાંત, પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમન અને વિશાળ પાર્કિંગ એરિયાનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી પર્યટકોને કોઈ અગવડ ન પડે. સુરત અને ખાણીપીણી એકબીજાના પર્યાય છે. ફેસ્ટિવલમાં 125 જેટલા ફૂડ સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતની પરંપરાગત વાનગીઓ જેવી કે નાગલીની વાનગીઓ, ડાંગી ડિશ અને શિયાળાનું સ્પેશિયલ ઉંબાડિયુ આકર્ષણનું કેન્દ્ર બનશે.

### પૂર્વ મંગેતરનો યુવતી પર છરી વડે હુમલો : સગાઈ તૂટતા યુવકે યુવતી પર છરી હુમલો કર્યો, યુવતીને પેટ અને આંગળીમાં ઈજા



**ભાવનગર, તા.03**

ભાવનગરમાં સગાઈ તૂટ્યા બાદ એક યુવકે તેની પૂર્વ મંગેતર પર છરી વડે હુમલો કર્યો હતો, આ ઘટનામાં યુવતીને પેટ અને હાથની આંગળીમાં ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે યુવતીની માતાએ ઘોઘા રોડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, આ બનાવ અંગે ઘોઘા રોડ પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર ફરિયાદી રેખાબેન ઉર્ફે કાળી અશોકભાઈ ગોહિલ ઉં.વ.40, રહે. ભાવનગરએ ફરિયાદ માં જણાવ્યું હતું કે, તેમની દીકરીની સગાઈ આશરે એક વર્ષ પહેલા સનેસ ગામના ગુલાબ ચુડાસમાના દીકરા કરણ સાથે થઈ હતી જોકે, પાંચ દિવસ પહેલા આ સગાઈ તોડી નાખવામાં આવી હતી. ઘટનાના દિવસે સવારે લગભગ 11 વાગ્યે કરણે રેખાબેનને ફોન કરીને તેમની દીકરી વિશે પૂછ્યું હતું. રેખાબેને જણાવ્યું કે મારી દીકરી બહાર ગઈ છે અને 12:30 વાગ્યા સુધીમાં ઘરે આવશે. ત્યારબાદ રેખાબેન હીરાના કારખાને કામ પર હતા ત્યારે તેની દીકરી તેમની પાસે આવી અને જણાવ્યું કે કરણ ઘરે આવ્યો છે. રેખાબેને દીકરીને ઘરે જવાનું કહી પોતે પણ પાછળથી ઘરે પહોંચ્યા હતા, ઘરે પહોંચતા જ દીકરીએ તેમને જણાવ્યું કે કરણે તેના ડાબા હાથની છેલ્લી આંગળી અને પેટમાં ડૂંટીની ડાબી બાજુ છરી મારી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. તે સમયે રેખાબેનના ભાભી સોનલબેન રાજેશભાઈ મકવાણા પણ ત્યાં હાજર હતા, રેખાબેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સર ટી. હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવી હતી. ડોકટરોએ સુમનના પેટમાં ઓપરેશન કર્યું હતું અને આંગળી પર ટાંકા લીધા હતા. રેખાબેને જણાવ્યું કે, સગાઈ તૂટવાની અદાવત રાખીને કરણે તેમની દીકરી પર હુમલો કર્યો છે, આ અંગે ઘોઘા રોડ પોલીસ મથકે રેખાબેન એ કરણ ચુડાસમા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સિવિલ હોસ્પિટલમાં 100 કરોડના ખર્ચે અત્યાધુનિક 13 ઓપરેશન થિયેટર અને 50 બેડનું ક્રિટિકલ કેર યુનિટ બનાવાશે

# જૂનાગઢના દર્દીઓને હવે રાજકોટ ધક્કો નહીં ખાવો પડે

■ **સરકારે જૂનાગઢ ખાતે જ આ ત્રણ જિલ્લાઓ માટે 'રિજીયોનલ ડ્રગ ડેપો' મંજૂર કર્યો છે**



**જૂનાગઢ, તા.03**

જૂનાગઢ સહિત સોરઠ પંથકના દર્દીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 100 કરોડથી વધુનું આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય સંજય કોરડીયાની અધ્યક્ષતામાં સિવિલ હોસ્પિટલના ડોક્ટરો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં હોસ્પિટલના નવીનીકરણ અને આગામી સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલમાં હાલ સારવારની ગુણવત્તા વધારવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. હોસ્પિટલના કુલ 13 ઓપરેશન થિયેટરને અત્યાધુનિક બનાવવામાં આવશે. જેમાંથી 7 ઓપરેશન થિયેટરને રિનોવેટ કરવામાં આવશે, જ્યારે 6 નવા ઓપરેશન થિયેટરોનું નિર્માણ કરવામાં આવશે. આ હાઈ-ટેક ઓપરેશન થિયેટરથી માત્ર દર્દીઓને જ ફાયદો નહીં થાય, પરંતુ મેડિકલ કોલેજના UG અને PG ના વિદ્યાર્થીઓ પણ આધુનિક ટેકનોલોજી સાથે ઓપરેશનનો અનુભવ મેળવી શકશે. આ કામગીરી હાલ પૂર્ણતાના આરે છે. ધારાસભ્ય સંજય કોરડીયાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાએ દવાઓ માટે રાજકોટ પર નિર્ભર રહેવું પડતું હતું. ઘણીવાર સમયસર દવાઓ ન મળવાને કારણે મુશ્કેલીઓ સર્જાતી હતી. હવે સરકારે જૂનાગઢ ખાતે જ આ ત્રણ જિલ્લાઓ માટે 'રિજીયોનલ ડ્રગ ડેપો' મંજૂર કર્યો છે. આ સાથે જ ફૂડ અને ડ્રગ્સની લેબોરેટરી પણ અહીં જ કાર્યરત થશે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે જૂનાગઢ હેડક્વાર્ટર તરીકે ઉભરી આવશે. ગંભીર હાલતમાં રહેલા દર્દીઓ માટે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં 50 બેડની અલાયદી 'ક્રિટિકલ કેર હોસ્પિટલ'નું નિર્માણ થઈ રહ્યું છે.

#### ઓપરેશન થિયેટરોનું આધુનિકીકરણ

સિવિલ હોસ્પિટલમાં હાલ સારવારની ગુણવત્તા વધારવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. હોસ્પિટલના કુલ 13 ઓપરેશન થિયેટરને અત્યાધુનિક બનાવવામાં આવશે. જેમાંથી 7 ઓપરેશન થિયેટરને રિનોવેટ કરવામાં આવશે, જ્યારે 6 નવા ઓપરેશન થિયેટરોનું નિર્માણ કરવામાં આવશે. આ હાઈ-ટેક ઓપરેશન થિયેટરથી માત્ર દર્દીઓને જ ફાયદો નહીં થાય.

#### ત્રણ જિલ્લા માટે જૂનાગઢ બનશે મેડિકલ હબ

ધારાસભ્ય સંજય કોરડીયાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાએ દવાઓ માટે રાજકોટ પર નિર્ભર રહેવું પડતું હતું. ઘણીવાર સમયસર દવાઓ ન મળવાને કારણે મુશ્કેલીઓ સર્જાતી હતી. હવે સરકારે જૂનાગઢ ખાતે જ આ ત્રણ જિલ્લાઓ માટે 'રિજીયોનલ ડ્રગ ડેપો' મંજૂર કર્યો છે. આ સાથે જ ફૂડ અને ડ્રગ્સની લેબોરેટરી પણ અહીં જ કાર્યરત થશે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે જૂનાગઢ હેડક્વાર્ટર તરીકે ઉભરી આવશે.

## રાજકોટમાં 10 જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

### 50 કરતાં વધુ દેશોના પતંગબાજો ભાગ લેશે, ધર્મેન્દ્રસિંહજી કોલેજ સહિત ચાર મેદાન અંગે મનપાની વિચારણા

**રાજકોટ, તા.03**

રાજકોટ શહેરમાં 10 જાન્યુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાવાનો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને અગાઉ પ્રવાસન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાવાનો હતો. એને બદલે હવે મહાપાલિકાના યજમાનપદે પતંગ મહોત્સવ યોજાશે. સામાન્ય રીતે મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ કે ધર્મેન્દ્રસિંહજી કોલેજના મેદાનમાં પતંગ મહોત્સવ યોજાતો હોય છે. આ વખતે અલગ અલગ ચાર મેદાનમાંથી કોઇ એક મેદાન નક્કી કરવામાં આવશે, જેમાં ધર્મેન્દ્રસિંહજી કોલેજ સહિત ચાર મેદાન અંગે વિચારણા કરવામાં આવી રહી છે. આ પતંગ મહોત્સવમાં 50 કરતાં વધારે દેશોના પતંગબાજો ભાગ લેશે. આગામી 11 જાન્યુઆરીએ રાજકોટની મારવાડી કોલેજમાં ગુજરાત રીજનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન થવાનું છે, જેના ઉદઘાટન માટે વડાપ્રધાન મોદી 11 જાન્યુઆરીના બપોરે રાજકોટ આવી રહ્યા છે. મહાનગરપાલિકા દ્વારા એક તરફ વડાપ્રધાનના રોડ શો માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે બીજી બાજુ વાઈબ્રન્ટ સમિટના એક દિવસ અગાઉ 10 જાન્યુઆરીએ જ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. અગાઉ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન ગુજરાત પ્રવાસન વિભાગ એકલા હાથે કરવાનું હતું, પણ પતંગ મહોત્સવ માટે રેસકોર્સ મેદાન મળે એમ ન હોઈ પ્રવાસન વિભાગે હાથ ઊંચા કરી દઈને રાબેતા મુજબ મહાનગરપાલિકા પર જવાબદારી થોપી દીધી છે, આથી હવે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ મહાનગરપાલિકાના યજમાનપદે યોજાશે. આ પતંગ મહોત્સવ રેસકોર્સ મેદાનમાં યોજાવાનો હતો, જોકે રેસકોર્સ મેદાન ખાનગી પાર્ટી દ્વારા 11 અને 12 જાન્યુઆરી એમ બે દિવસ માટે અગાઉથી બુક કરી દેવાયું છે.

#### વાઈબ્રન્ટ સમિટના એક દિવસ અગાઉ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

અગાઉ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન ગુજરાત પ્રવાસન વિભાગ એકલા હાથે કરવાનું હતું, પણ પતંગ મહોત્સવ માટે રેસકોર્સ મેદાન મળે એમ ન હોઈ પ્રવાસન વિભાગે હાથ ઊંચા કરી દઈને રાબેતા મુજબ મહાનગરપાલિકા પર જવાબદારી થોપી દીધી છે, આથી હવે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ મહાનગરપાલિકાના યજમાનપદે યોજાશે.

## વિજાપુરના એક ગામે એકલતાનો લાભ લઈ દિયરે ભાભીની છેડતી કરી

**વિજાપુર, તા.03**

વિજાપુર તાલુકાના એક ગામમાં કૌટુંબિક સંબંધોને લાંછન લગાડતી ઘટના સામે આવી છે. જેમાં એક 46 વર્ષીય પરણીત મહિલાની એકલતાનો લાભ લઈ તેનો જ કુટુંબી દિયર શારીરિક અડપલાં કરી પરેશાન કરતો હોવાની ફરિયાદ લાડોલ પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે આરોપી દિયર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વિજાપુર તાલુકાના એક ગામમાં 46 વર્ષીય મહિલા તેના પતિ સાથે મકાનના ઉપરના માળે રહે છે. જ્યારે નીચેના ભાગમાં તેના સાસુ અને કુટુંબી દિયર રહેતા હતા. મહિલાનો પતિ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પતિ સવારે ધંધાર્થે બહાર જાય ત્યારે ઉપરના રૂમમાં એકલી રહેતી ભાભી પર દિયર નજર બગાડતો હતો. દિયર અવારનવાર ઉપરના રૂમમાં બેસવા જવાના બહાને આવી મહિલા સાથે શારીરિક અડપલાં કરતો હતો. શરૂઆતમાં મહિલાએ આબરૂ જવાની બીકે મૌન ધારણ કર્યું હતું. દિયરની પજવણી સતત વધતા મહિલાએ આ અંગે પોતાની સાસુને જાણ કરી હતી. જોકે સાસુએ પણ દીકરાનો પક્ષ લેતા 'ઘરની વાત ઘરમાં જ રહે અને ઈજ્જત ન જાય' તેમ કહી વાત દબાવી દેવા જણાવ્યું હતું. દિયરની હરકતોમાં કોઈ સુધારો ન આવતા અંતે મહિલાએ હિંમત ભેગી કરી તેના પતિને આપવીતી જણાવી હતી. ગત 1 જાન્યુઆરી 2025ના રોજ જ્યારે મહિલાનો પતિ ઘરે હતો, ત્યારે દંપતી દિયરને આ બાબતે ઠપકો આપવા નીચે ગયું હતું. તે સમયે ઉશ્કેરાયેલા દિયરે ગાળાગાળી કરી દંપતીને મારવા દોડ્યો હતો.

## ગુજરાતમાં સરકારી કચેરીઓ માટે 'નાઈટ શિફ્ટ'

**ગોધરા, તા.03**

ગુજરાતમાં સામાન્ય જનતાને સરકારી કામકાજ માટે નોકરી-ધંધામાં રજા પાડીને ધક્કા ખાવા ન પડે એ માટે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મુખ્યમંત્રી સમક્ષ એક નવતર પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને માગ કરી છે કે રાજ્યમાં મામલતદાર, તાલુકા પંચાયત અને ગ્રામપંચાયત જેવી જનતા સાથે સીધી જોડાયેલી કચેરીઓનો સમય બદલીને 'બપોરના 2થી રાત્રિના 9 વાગ્યા' સુધીનો કરવો જોઈએ. ઈટાલિયાએ એ પણ ઉલ્લેખ કર્યો છે કે જો પોલીસ સ્ટેશન અને ટોલનાકા જેવી વ્યવસ્થાઓ રાત-દિવસ ચાલુ રહી શકતી હોય, તો જનતાના હિત માટે વહીવટી કચેરીઓ રાત્રે 9 વાગ્યા સુધી કેમ ચાલુ ન રાખી શકાય? ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પત્રમાં જણાવ્યું છે કે હાલમાં સરકારી કચેરીઓનો સમય સવારના 10થી સાંજના 6 વાગ્યા સુધીનો હોય છે. આ સમયગાળામાં સામાન્ય માણસ પોતાની નોકરી, મજૂરી કે ખેતીકામમાં વ્યસ્ત હોય છે.

## પાટીદાર સમાજના નામે રાજકીય રોટલા શેકતા ભાજપના મંત્રીઓ

### સુરતમાં CMના કાર્યક્રમ પહેલાં 'પોસ્ટરવોર': પાટીદાર હોસ્ટેલની FSI મુદ્દે AAPનો વિરોધ

**સુરત, તા.03**

સુરતમાં આજે સાંજે 5 વાગ્યે સમસ્ત લેઉવા પાટીદાર સમિતિ દ્વારા આયોજિત 'રાજસ્વી સન્માન સમારોહ' પૂર્વે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેવાના છે. જોકે આ ભવ્ય કાર્યક્રમના આયોજન વચ્ચે જ આમ આદમી પાર્ટીએ સતત બીજા દિવસે પોતાનો વિરોધ ચાલુ રાખીને શહેરભરમાં લાગેલા સન્માન સમારોહનાં પોસ્ટરો પર પોતાના વિરોધ દર્શાવતાં બેનરો લગાવી દીધાં છે, જેનાથી વિવાદ વધુ વકર્યો છે. 'પાટીદાર સમાજના નામે રાજકીય રોટલા શેકતા ભાજપના મંત્રીઓ'-બેનરમાં 'આપ' દ્વારા લગાવવામાં આવેલાં બેનરોમાં સીધો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભાજપના મંત્રીઓ પાટીદાર સમાજના નામે માત્ર પોતાના રાજકીય રોટલા શેકી રહ્યા છે. વિરોધપક્ષે સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે સરકાર મોટી અને 'ચૂનો લગાવતી' કંપનીઓના કરોડો રૂપિયાના ટેક્સ માફ કરી શકે છે, તો પછી દાન અને સહકારથી ચાલતી પાટીદાર સમાજની હોસ્ટેલ પાસેથી રૂ. 3 કરોડ જેટલી માતબર રકમ પેઈડ FSI પેટે કેમ વસૂલવામાં આવી રહી છે? આ બેનરોએ શાસક પક્ષ માટે આજે યોજાનારા કાર્યક્રમ પૂર્વે ક્ષોભજનક સ્થિતિ પેદા કરી છે.આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવેલાં પોસ્ટર અને બેનરોમાં ખાસ કરીને સરકારની ટેક્સનીતિ અને ભાજપના નેતાઓ પર પ્રહાર કરતાં લખાણો લખવામાં આવ્યાં છે; સુરતમાં લેઉવા પાટીદાર સમિતિ દ્વારા આજે 3 ડિસેમ્બરના રોજ એક ભવ્ય રાજસ્વી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને સીઆર પાટીલ પણ હાજર રહેવાના છે. આ સન્માન સમારોહમાં મંત્રી જિતુ વાઘાણી, પ્રફુલ પાનશેરિયા, કૌશિક વેકરિયા અને કમલેશ પટેલનું સન્માન કરવામાં આવશે.

## વજુભાઈ વાળાની મર્સિડીઝ કારના ડ્રાઈવરનાં કરતૂત : રાજકોટમાં રોડ પરનું સાઈનબોર્ડ ઉખેડવાનો પ્રયાસ કર્યો

■ **સરકારી પ્રોપર્ટીને નુકસાન થતું હતું, એટલે વીડિયો ઉતાર્યો હતોઃ પરેશ જોશી**

**રાજકોટ, તા.03**

રાજકોટના એથ્લેટિક્સ ગ્રાઉન્ડ પાસે ગઈ રાત્રિના એક અજીબ ઘટના જોવા મળી હતી. એક 'EX MLA GUJARAT' લખેલી મર્સિડીઝ કારને પાર્ક કરવા ડ્રાઈવરે રોડ પર કોર્પોરેશન દ્વારા લગાવેલું સાઈનબોર્ડ ઉખેડવાનો પ્રયાસ કર્યો હતો, જોકે એ નીકળતું નથી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે ડ્રાઈવર મર્સિડીઝમાંથી ઊતરે છે અને આજુબાજુ જુએ છે. બાદમાં સાઈનબોર્ડને જડમૂળમાંથી ઉખેડવાનો પ્રયત્ન કરે છે. બાદમાં બોર્ડ ન ઊખડતાં ફરી કારમાં જતો રહે છે. 'EX MLA GUJARAT' લખેલી મર્સિડીઝ કાર નંબર GJ18BJ6763ની તપાસ કરતાં આ કાર ગુજરાતના પૂર્વ નાણામંત્રી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાની હોવાનું સામે આવ્યું હતું. આ કાર અમીન માર્ગ રોડ પર આવેલા વજુભાઈ વાળાના નિવાસસ્થાને હાજર હતી. સાઈનબોર્ડ નડતરરૂપ, કારમાં નુકસાન પહોંચ્યું: ડ્રાઈવર, ડ્રાઈવરનાં કરતૂત અંગે દિવ્ય ભાસ્કર સાથે થોડી વાત કર્યા બાદ વજુભાઈ ઘરમાં ચાલ્યા ગયા હતા. થોડીવારમાં જ વીડિયોમાં દેખાતો ડ્રાઈવર ઘરમાંથી જ બહાર નીકળ્યો હતો. ડ્રાઈવર સાથે વાત કરતાં તેણે કહ્યું, એથ્લેટિક્સ ગ્રાઉન્ડ પાસે કારનું પાર્કિંગ કરવાનું હોવાથી એ જગ્યાએ સાઈનબોર્ડ લગાવવામાં આવ્યું ન હતું, જે નડતરરૂપ હતું, તેથી એને હલાવ્યું, પરંતુ ઉખેડ્યું નથી.

## નવસારી NH-48 પર બસ-કન્ટેનર વચ્ચે ધડાકાભેર ટક્કર

**નવસારી, તા.03**

નવસારી નેશનલ હાઈવે નંબર 48 પર આજે વહેલી સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મજૂરોને લઈ જતી બસ અને એક કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં 10થી વધુ શ્રમિકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક વિગતો અનુસાર, બુલેટ ટ્રેનના મજૂરોને લઈ જતી બસ હાઈવે પરથી પસાર થઈ રહી હતી ત્યારે એક કન્ટેનર ચાલકે બેફામ ગતિએ ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. ઓવરટેક કરતી વખતે કન્ટેનરનો પાછળનો ભાગ બસ સાથે ધડાકાભેર અથડાયો હતો, જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બસમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો અને 10થી વધુ લોકો ઘાયલ થયા હતા. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નવસારીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે, જેમાંથી અમુકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ નવસારી ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અકસ્માત બાદ કન્ટેનર ચાલક પોતાનું વાહન મૂકીને અથવા વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. પોલીસે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## 'સ્વિગીનો ડિલિવરી બોય' સોનાની ચેઈન ઝૂંટવી ફરાર, CCTV:વડોદરામાં તમારું પાર્સલ છે,

**વડોદરા, તા.03**

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીમાં રહેતા 74 વર્ષીય વૃદ્ધની સોનાની ચેઈન ઝૂંટવી લેવાની ઘટના સામે આવી છે. આરોપી સ્વિગી કંપનીનું કેસરી રંગનું ટી-શર્ટ પહેરીને એક્ટિવા પર આવ્યો હતો અને પાર્સલ આપવાના બહાને વૃદ્ધને ઘરની બહાર બોલાવી ચેઈન ઝૂંટવી લીધી હતી. બોમ્બ હોવાની આશંકાથી પરિવાર પાર્સલ ખોલવામાં પણ ગભરાયો હતો, છેવટે માંડ-માંડ પાર્સલ ખોલતાં એમાંથી બુંદીનું પેકેટ મળ્યું હતું. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવતાં અકોટા પોલીસે ફૂટેજની મદદથી આરોપીની શોધખોળ શરૂ કરી છે. આ ઘટના અંગે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવનાર વૃદ્ધ હસમુખભાઈ જયરામભાઈ પટેલે જણાવ્યું હતું કે 3 જાન્યુઆરી, 2026ના રોજ સાંજના લગભગ 4 વાગ્યે તેઓ અને તેમનાં પત્ની ઘરે હાજર હતાં. એ સમયે એક વ્યક્તિ સ્વિગીનું કેસરી રંગની ટી-શર્ટ પહેરેલી અને માથે હેલ્મેટ પહેરી એક્ટિવા લઈને તેમના ઘર પાસે આવ્યો હતો. આ વ્યક્તિએ હસમુખભાઈને ઘરના દરવાજા પાસે બોલાવીને કહ્યું કે તમારું પાર્સલ છે, સહી કરી આપો. વૃદ્ધે કહ્યું કે તેમણે કોઈ પાર્સલ મગાવ્યું નથી, તેમ છતાં આરોપીએ નાનું પાર્સલ બતાવીને તેમના હાથમાં આપ્યું. જ્યારે વૃદ્ધ પાર્સલ જોવામાં વ્યસ્ત થયા ત્યારે આરોપીએ તેમના ગળામાં પહેરેલી સોનાની ચેઈન ખેંચી તોડી લીધી અને એક્ટિવા લઈને નાસી છૂટ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મેં બૂમાબૂમ કરી ત્યારે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં લૂંટારો ફરાર થઈ ગયો હતો. પાર્સલમાં બોમ્બ હોવાની આશંકા હતી, જેથી પાર્સલ ખોલવામાં પણ ગભરાયા હતા, છેવટે પાર્સલ ખોલતાં એમાંથી બુંદીનું પેકેટ મળ્યું હતું. ગભરામણને કારણે હું એ શખસની ગાડીનો નંબર જોઈ શક્યો નહોતો. આ સમયે દોડતી વખતે હું નીચે પડી ગયો હતો, જેથી મને પગમાં વાગ્યું હતું.

#### ઝૂંટવાયેલી સોનાની ચેઈન લગભગ એક તોલાની

વૃદ્ધે આરોપીના વાહનનો નંબર જોયો નથી. ઝૂંટવાયેલી સોનાની ચેઈન લગભગ એક તોલા વજનની છે. વૃદ્ધ છેલ્લાં આઠ વર્ષથી આ ચેઈન પહેરતા હતા. આ ઘટનાને પગલે અકોટા પોલીસે ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે આસપાસના CCTV ફૂટેજ તપાસવાની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદી હસમુખભાઈ જયરામભાઈ પટેલે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ બનાવ સાંજે આશરે 4 વાગ્યે બન્યો હતો. હું જ્યારે ઘરની બહાર બેઠો હતો ત્યારે એક અજાણ્યો શખસ ત્યાં આવ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# RSS ભાજપને કન્ટ્રોલ કરતું નથી, સંઘની સાચી ઓળખ સમાજ નિર્માણ

- **ભાગવતે કહ્યું-સંઘને પાર્ટીના દૃષ્ટિકોણથી જોવું ખોટું, આરએસએસ પેરા-મિલિટરી ફોર્સ નથી**



**સતના, તા.03**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ ડો. મોહન ભાગવતે શુક્રવારે જણાવ્યું હતું કે ભાજપ કે વિશ્વ હિન્દુ પરિષદના દૃષ્ટિકોણથી RSSને સમજવું ખોટું છે. બધા સ્વતંત્ર રીતે કામ કરે છે અને સંઘ કોઈ (ભાજપ)ને કન્ટ્રોલ કરતું નથી. સંઘનો ઉદ્દેશ્ય સત્તા, ટિકિટ કે ચૂંટણી નહીં, પરંતુ સમાજની ગુણવત્તા અને ચારિત્ર્ય નિર્માણ છે. સંઘની સાચી ઓળખ સમાજ નિર્માણ છે ભોપાલમાં RSSના 100 વર્ષ પૂરા થવા પર આયોજિત 'પ્રમુખ જન ગોષ્ઠી'માં બોલતા ભાગવતે કહ્યું કે અમે યુનિફોર્મ પહેરીએ છીએ, કૂચ કરીએ છીએ અને લાકડીનો અભ્યાસ કરીએ છીએ. આવા સંજોગોમાં જો કોઈ વિચારે કે આ એક પેરા મિલિટરી ફોર્સ છે તો તે એક ભૂલ હશે. ભાગવતે વધુમાં કહ્યું કે આપણા મત-પંથ, સંપ્રદાય, ભાષા અને જાતિ અલગ હોઈ શકે છે, પરંતુ હિન્દુ ઓળખ આપણને બધાને જોડે છે. આપણી સંસ્કૃતિ એક છે, ધર્મ એક છે અને આપણા પૂર્વજો પણ સમાન છે. ગોષ્ઠીમાં મોહન ભાગવતે રાજકારણ, સ્વદેશી અર્થતંત્ર, યુવાનોની દિશા, પારિવારિક જીવન અને પર્યાવરણ જેવા મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી. ટેરિફ અને વિદેશી નિર્ભરતા પર સ્પષ્ટ વલણ: અમેરિકાના ટેરિફ જેવા વૈશ્વિક મુદ્દાઓ પર ભાગવતે કહ્યું કે ભારતે સ્વદેશી ઉત્પાદનોને પ્રાધાન્ય આપવું જોઈએ. જો કોઈ વિદેશી વસ્તુની જરૂર પડે પણ, તો તે ભારતની શરતો પર હોવી જોઈએ. ભારત ટેરિફથી ડરનારો દેશ નથી, પરંતુ આત્મનિર્ભર બનવાની ક્ષમતા ધરાવે છે. નવી પેઢીને ભારતીયતા સાથે જોડવાની જરૂર: જનરેશન-ઝેડ અને યુવાનોને ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો સાથે જોડવા એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. ચીનનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે ત્યાંની પેઢીને બાળપણથી રાષ્ટ્રીય દ્રષ્ટિ શીખવવામાં આવે છે, ભારતે પણ પોતાની પેઢીને સંસ્કાર અને ઈતિહાસ સાથે જોડવી પડશે. ફેશન, ફાસ્ટ ફૂડ અને પરિવાર પર ચિંતા: સમાજમાં ફેશન અને ઉપભોક્તાવાદની આંધળી નકલ વધી રહી છે. ઘરમાં વિવેકાનંદની તસવીર હશે કે કોઈ પોપ સ્ટારની, તે સમાજની દિશા નક્કી કરે છે. ફાસ્ટ ફૂડની સંસ્કૃતિ પર પણ તેમણે સંયમ રાખવાની સલાહ આપી અને કહ્યું કે પરિવારને સાથે બેસીને ભોજન કરવાની આદત પાછી લાવવી પડશે. સંઘને સમજવાની જરૂર: ભાગવતે કહ્યું કે સંઘને લઈને સમર્થકો અને વિરોધીઓ બંને ઘણી વાર ખોટા નેરેટિવ્સ બનાવે છે. સંઘની સાચી ઓળખ સમાજ નિર્માણ છે અને આ જ વાસ્તવિક સ્વરૂપને લોકો સુધી પહોંચાડવા માટે આવા સંવાદ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

ન પ્રતિક્રિયામાં જન્મ્યો, ન કોઈ સાથે સ્પર્ધા: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કોઈના વિરોધ કે પ્રતિક્રિયામાં શરૂ થયો નથી. સંઘની કોઈ સાથે સ્પર્ધા પણ નથી. તેના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવાર સ્વતંત્રતા આંદોલન સાથે જોડાયેલા રહ્યા અને દેશના અનેક મહાપુરુષો સાથે સંવાદ કર્યા પછી તેમણે સમાજ સંગઠનની આવશ્યકતા અનુભવી. સમાજ બદલાશે, ત્યારે જ દેશ બદલાશે: સ્વતંત્રતા ત્યારે જ કાયમી રહી શકે છે, જ્યારે સમાજમાં 'સ્વ'નો બોધ હોય. દેશનું ભાગ્ય નેતા કે નીતિ નહીં, પરંતુ સમાજ નક્કી કરે છે. તેથી ડૉ. હેડગેવારે સમાજમાં એકતા અને ગુણવત્તા લાવવા માટે સંઘની સ્થાપના કરી અને વર્ષોના પ્રયોગ પછી તેની કાર્યપદ્ધતિ વિકસિત થઈ. પ્રેશર ગ્રુપ નહીં, સંપૂર્ણ સમાજનું સંગઠન: સંઘે શરૂઆતથી જ નક્કી કર્યું કે તે કોઈ 'પ્રેશર ગ્રુપ'ની જેમ કામ નહીં કરે. તેનો લક્ષ્ય સંપૂર્ણ હિન્દુ સમાજનું સંગઠન કરવાનું છે. સમાજમાં ગુણ અને અનુશાસન આવશે તો દેશ આપમેળે સશક્ત બનશે. આ જ ઉદ્દેશ્યથી સંઘ શાખાઓના માધ્યમથી રાષ્ટ્રીય વાતાવરણ તૈયાર કરે છે. સંઘ ફક્ત સ્વયંસેવકો બનાવે છે: સંઘનું કાર્ય સ્વયંસેવક નિર્માણ સુધી મર્યાદિત છે. સ્વયંસેવકો સમાજની જરૂરિયાત મુજબ વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે. સંઘ કોઈપણ સ્વયંસેવકના કાર્યને રિમોટ કંટ્રોલથી ચલાવતું નથી. સમાજમાં સજ્જન શક્તિનું નેટવર્ક જરૂરી: ભાગવતે કહ્યું કે ફક્ત સંઘ જ સમાજ સુધારણાનું કાર્ય કરી રહ્યું છે, એવો દાવો કરી શકાય નહીં. બધા મત-પંથોમાં સજ્જન લોકો છે. જરૂર છે કે આ બધા વચ્ચે એક સહયોગી નેટવર્ક બને. સંઘ આ જ વાતાવરણના નિર્માણનો પ્રયાસ કરી રહ્યું છે. પાંચ પરિવર્તનનું આહ્વાન: સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ માટે સરસંઘચાલકે પાંચ પરિવર્તનનું આહ્વાન કર્યું છે કે સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ સંરક્ષણ, સ્વ-બોધ અને નાગરિક અનુશાસન. તેમણે કહ્યું કે આ પાંચ મુદ્દાઓ પર સમાજે મળીને કામ કરવું પડશે. 13 ડિસેમ્બર: ભાગવત બોલ્યા-ભારત માટે જીવવાનો સમય, મરવાનો નહીં મોહન ભાગવતે કહ્યું કે દેશને દરેક વસ્તુથી ઉપર રાખવો જોઈએ. આ ભારત માટે જીવવાનો સમય છે, મરવાનો નહીં.


## દેવા બારસેનું 20 નક્સલવાદીઓ સાથે આત્મસમર્પણ

**14 ઠાર:સુકમામાં 12, બીજાપુરમાં 2 માર્યા ગયા, તમામના મૃતદેહ-હથિયારો મળ્યા**



**છત્તીસગઢ, તા.03**

છત્તીસગઢના મોસ્ટ વોન્ટેડ નક્સલી લીડર દેવા બારસેએ હૈદરાબાદમાં આત્મસમર્પણ કર્યું છે. દેવા સાથે 20 નક્સલવાદીઓએ પણ હથિયાર હેઠા મૂક્યા છે. હૈદરાબાદમાં બપોરે 3 વાગ્યે પોલીસ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપશે. સાથીઓ સાથે દેવા તેલંગાણાના મુલુગુ પહોંચ્યો હતો, જ્યાંથી પોલીસ તેને હૈદરાબાદ લઈ ગઈ હતી. આજે (શનિવારે) સવારે છત્તીસગઢમાં બે અલગ-અલગ સ્થળોએ થયેલી અથડામણમાં સુરક્ષા દળોએ 14 નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સુકમાના કિસ્ટારામ વિસ્તારમાં 12 અને બીજાપુરમાં 2 નક્સલવાદીઓ માર્યા ગયા છે. બીજાપુરમાં માર્યા ગયેલા બે નક્સલવાદીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે અને બંને તરફથી અટકી-અટકીને ફાયરિંગ થઈ રહ્યું છે. બીજાપુરમાં માઓવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ અભિયાન શરૂ કર્યું. ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ)ની ટીમ નક્સલ વિરોધી ઓપરેશન પર નીકળી હતી. આ દરમિયાન શનિવારે વહેલી સવારે નક્સલવાદીઓએ ફાયરિંગ શરૂ કર્યું હતું. સવારે લગભગ 5 વાગ્યાથી માઓવાદીઓ સાથે છૂટીછવાઈ અથડામણ ચાલી રહી છે. સર્ચ ઓપરેશન દરમિયાન અથડામણ સ્થળેથી અત્યાર સુધીમાં બે નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. એસપી જિતેન્દ્ર યાદવે અથડામણની પુષ્ટિ કરી છે. સુરક્ષા કારણોસર, અથડામણનું ચોક્કસ સ્થળ અને ઓપરેશનમાં સામેલ સુરક્ષા દળોની સંખ્યા જાહેર કરવામાં આવી નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ, ઓપરેશન પૂર્ણ થયા બાદ સત્તાવાર રીતે માહિતી જાહેર કરવામાં આવશે. 25 ડિસેમ્બરે છત્તીસગઢના પડોશી રાજ્ય ઓડિશાના કંધમાલમાં સુરક્ષા દળોએ એન્કાઉન્ટરમાં 6 નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. તેમાં 1 કરોડથી વધુના ઈનામી સેન્ટ્રલ કમિટી મેમ્બર (CCM) ગણેશ ઉઈકે (69) પણ સામેલ છે. બે મહિલા નક્સલવાદી પણ માર્યા ગયા હતા. માર્યા ગયેલા નક્સલવાદીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા હતા. સુરક્ષા દળોને કંધમાલ જિલ્લાના ચાકાપાડ વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. આ માહિતીના આધારે 23 ટીમોને ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. આમાં 20 સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG), બે CRPF અને એક BSF ટીમોનો સમાવેશ થતો હતો. આ ઓપરેશન કંધમાલ જિલ્લાના ચાકાપાડ પોલીસ સ્ટેશન વિસ્તાર અને ગંજામ જિલ્લાના રામ્ભા વન વિસ્તારમાં ચલાવવામાં આવ્યું હતું. 25 ડિસેમ્બરે અભિયાન દરમિયાન અલગ-અલગ સ્થળોએ માઓવાદીઓ અને SOG જવાનો વચ્ચે ઘણી વખત ગોળીબાર થયો હતો.



1898માં શોધાયેલા પવિત્ર પિપ્રાહવા અવશેષોના ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનના ઉદ્ઘાટન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાધુઓનું સ્વાગત કરે છે. "ધ લાઈટ એન્ડ ધ લોટસ: રેલીક્સ ઓફ ધ અવેકન્ડ વન" શીર્ષક હેઠળ, આ પ્રદર્શન રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં બે મહિના માટે યોજાઈ રહ્યું છે.

## રાજસ્થાનમાં નવા વર્ષમાં પહેલીવાર તાપમાન 0 ડિગ્રી

**કેદારનાથમાં હિમવર્ષા, બદ્રીનાથમાં પારો માઈનસ 13°; MPમાં આગામી 3 દિવસ ગાઢ ધુમ્મસ**

**રાજસ્થાન, તા.03**

રાજસ્થાનમાં નવા વર્ષમાં પહેલીવાર તાપમાન 0 ડિગ્રીએ પહોંચ્યું છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પારો ગગડ્યો છે. રણ પ્રદેશના જિલ્લાઓ બાડમેર, બીકાનેરમાં પણ કડકડતી ઠંડી રહી. સીકર, હનુમાનગઢ સહિત 10 જિલ્લાઓમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે મધ્ય પ્રદેશમાં આગામી 3 દિવસ ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે પછી તીવ્ર ઠંડી પડશે. ભોપાલ અને ઈન્દોરમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના મતે જાન્યુઆરીમાં 15 થી 20 દિવસ સુધી કોલ્ડવેવ રહી શકે છે. કડકડતી ઠંડીનો દોર બીજા સપ્તાહમાં શરૂ થશે, જે અંત સુધી ચાલુ રહેશે. ઉત્તરાખંડમાં




કેદારનાથ, બદ્રીનાથ અને હેમકુંડ સાહિબ સહિત પિથોરાગઢમાં બરફ પડ્યો જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. 7 શહેરોમાં તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું. બદ્રીનાથમાં તાપમાન માઈનસ 13 ડિગ્રી નોંધાયું. બીજી તરફ, દિલ્હીમાં શનિવારે સવારનું તાપમાન 10 ડિગ્રી નોંધાયું. આ સાથે AQI 222 રેકોર્ડ કરવામાં આવ્યો. મધ્યપ્રદેશમાં રાત્રે કડકડતી ઠંડી ઓછી થઈ છે, પરંતુ ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. 15 શહેરોમાં દિવસનું તાપમાન 24 ડિગ્રીથી નીચે રહ્યું. શનિવારે સવારે પણ ધુમ્મસ છવાયેલું રહ્યું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 દિવસ સુધી ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે. રાજસ્થાનમાં સીકર, હનુમાનગઢ સહિત 10 જિલ્લામાં ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું. વરસાદ બાદ શુક્રવારે રાજ્યના ઘણા જિલ્લામાં ગાઢ ધુમ્મસ રહ્યું અને ઠંડો પવન ફૂંકાયો. નવા વર્ષમાં પહેલીવાર તાપમાન 0 ડિગ્રી નોંધાયું. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પારો ગગડ્યો છે. હરિયાણાના ત્રણ જિલ્લા અંબાલા, કુરુક્ષેત્ર અને કરનાલમાં આજે ધુમ્મસ છવાયેલું રહેશે. વિઝિબિલિટી લગભગ શૂન્ય રહેશે. આ સાથે જ રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો આવી શકે છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પારો ગગડ્યો છે. હરિયાણાના ત્રણ જિલ્લા અંબાલા, કુરુક્ષેત્ર અને કરનાલમાં આજે ધુમ્મસ છવાયેલું રહેશે. વિઝિબિલિટી લગભગ શૂન્ય રહેશે. આ સાથે જ રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો આવી શકે છે.

## તિરુપતિના ગોવિંદરાજસ્વામી મંદિર ઉપર એક વ્યક્તિ નશામાં ચઢ્યો

**દારૂ માંગ્યો, પોલીસે દારુ પહોંચાડ્યો ત્યારે નીચે ઊતર્યો; ગાર્ડ્સને ચકમો આપીને ઉપર પહોંચ્યો હતો**



**આંધ્ર પ્રદેશ, તા.03**

આંધ્ર પ્રદેશના તિરુપતિમાં શુક્રવારે મોડી રાત્રે ગોવિંદરાજસ્વામી મંદિરની ઉપર એક વ્યક્તિ ચઢી ગયો અને હોબાળો કર્યો. વ્યક્તિએ કહ્યું કે તેને એક ક્વાર્ટર દારૂની બોટલ જોઈએ છે પછી જ તે નીચે ઉતરશે. વ્યક્તિની ઓળખ તેલંગાણાના નિઝામાબાદ જિલ્લાના રહેવાસી કુટ્ટાડી તિરુપતિ (45) તરીકે થઈ છે. તે સિક્યોરિટી ગાર્ડ્સને ચકમો આપીને મંદિરમાં ઘૂસી ગયો હતો. પોલીસે જણાવ્યું કે તેને દારૂ આપ્યા પછી નીચે ઉતારવામાં આવ્યો અને તિરુપતિ ઈસ્ટ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. પોલીસે જણાવ્યું કે વ્યક્તિ દર્શન પૂરાં થયા પછી નશાની હાલતમાં મંદિર પરિસરમાં ઘૂસી ગયો. મંદિરની દીવાલ પર ચઢી ગયો અને ગોપુરમ ઉપર રાખેલો કળશ ચોરવાનો પ્રયાસ પણ કર્યો. પોલીસ, ફાયર બ્રિગેડ અને મંદિરના સુરક્ષા કર્મચારીઓને તે માણસને નીચે ઉતારવામાં ત્રણ કલાક લાગ્યા. નીચે ઉતાર્યા પછી મીડિયાએ તેને પૂછ્યું કે શું એ સાચું છે કે તેણે દારૂની આખી બોટલ માંગી હતી. તો તેણે કહ્યું કે તેને તો બસ 90ml જોઈતી હતી. પોલીસે તરત જ તેને ગાડીમાં બેસાડ્યો અને પોલીસ સ્ટેશન લઈ ગઈ. તો તેણે કહ્યું કે તેને તો બસ 90ml જોઈતી હતી. પોલીસે તરત જ તેને ગાડીમાં બેસાડ્યો અને પોલીસ સ્ટેશન લઈ ગઈ.

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા મહાયુતિમાં બબાલ

**ટિકિટ વહેંચણીને લઈ ભાજપ નેતાએ આરોપ લગાવ્યો, અજીત પવારે આપ્યો સણસણતો જવાબ**





### રાઉત બોલ્યા- અજિત NCPને શરદ પવારની પાર્ટીમાં ભેળવી દે

શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે કહ્યું છે કે અજિત પવારના નેતૃત્વવાળી NCPને શરદ પવારના નેતૃત્વવાળી NCP (SP)માં વિલય કરી દેવો જોઈએ. સંજય રાઉતે સવાલ ઉઠાવ્યો કે જ્યારે અજિત પવાર પોતે ભાજપ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવી રહ્યા છે, તો તેઓ પછી મહાયુતિ સરકારમાં શા માટે ટકી રહ્યા છે.

**મહારાષ્ટ્ર, તા.03**

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વચ્ચે મહાયુતિ ગઠબંધનમાં આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે શુક્રવારે ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું કે તેઓ આજે એ જ લોકો સાથે સરકારમાં છે, જેમણે ક્યારેક તેમના પર ગંભીર આરોપો લગાવ્યા હતા. અજિત પવારનું આ નિવેદન ભાજપના નેતા મુરલીધર મોહોલના આરોપો પછી આવ્યું છે. મુરલીધરે પુણે મહાનગરપાલિકા (PMC) ચૂંટણીઓને લઈને સવાલ ઉઠાવ્યો હતો કે NCP એવા ઉમેદવારોને ટિકિટ કેમ આપી રહી છે, જેમની સામે ગુનાહિત કેસ નોંધાયેલા છે. તેના પર પ્રતિક્રિયા આપતા અજિત પવારે ભાજપનું નામ લીધા વિના કહ્યું, જે લોકોએ ક્યારેક તેમના પર 70 હજાર કરોડના સિંચાઈ કૌભાંડ જેવા આરોપો લગાવ્યા હતા, એ જ લોકો આજે તેમની સાથે સત્તામાં છે. માત્ર આરોપ લાગવાથી કોઈ વ્યક્તિ દોષિત નથી થઈ જતો, જ્યાં સુધી કોર્ટમાં ગુનો સાબિત ન થાય. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે કહ્યું છે કે જો તેમણે બોલવાનું શરૂ કર્યું, તો અજિત પવાર મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તેમણે આરોપ લગાવતા પહેલા પોતાના ગિરેબાનમાં જોવું જોઈએ. રવીન્દ્ર ચવ્હાણે કહ્યું કે અજિત પવાર આખરે કઈ પાર્ટીની વાત કરી રહ્યા છે. શું તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી ભાજપ પર શંકા કરી રહ્યા છે? ભાજપ પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે આરોપ-પ્રત્યારોપની રાજનીતિથી કોઈનું ભલું નહીં થાય. જો ભાજપ પણ આ જ રીતે જવાબ આપવા લાગે, તો આ અજિત પવાર માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આ રાજકીય ટકરાવ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે 15 જાન્યુઆરીએ પુણે મહાનગરપાલિકાની ચૂંટણીઓ છે. ખાસ વાત એ છે કે રાજ્ય સરકારમાં સહયોગી હોવા છતાં ભાજપ અને NCP સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અલગ-અલગ લડી રહી છે. જ્યારે, અજિત પવારની પાર્ટી શરદ પવાર જૂથ સાથે મેદાનમાં છે. રાઉત બોલ્યા- અજિત NCPને શરદ પવારની પાર્ટીમાં ભેળવી દે, શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે કહ્યું છે કે અજિત પવારના નેતૃત્વવાળી NCPને શરદ પવારના નેતૃત્વવાળી NCP (SP) માં વિલય કરી દેવો જોઈએ. સંજય રાઉતે સવાલ ઉઠાવ્યો કે જ્યારે અજિત પવાર પોતે ભાજપ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવી રહ્યા છે, તો તેઓ પછી મહાયુતિ સરકારમાં શા માટે ટકી રહ્યા છે. NCP વિભાજન અને પછીની મુખ્ય ઘટનાઓ, 29 જૂન 2023- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભોપાલમાં કહ્યું કે NCP પર 70 હજાર કરોડના કૌભાંડોના આરોપો છે. કો-ઓપરેટિવ બેંક કૌભાંડ, સિંચાઈ કૌભાંડ, ગેરકાયદેસર ખનન કૌભાંડ...તેની યાદી પણ ઘણી લાંબી છે. 30 જૂન 2023- પાર્ટીમાં અસંતોષની સ્થિતિ પછી અજિત પવાર અને તેના સમર્થક ધારાસભ્યોએ NCP નેતૃત્વથી અલગ થવાનો નિર્ણય કર્યો. 2 જુલાઈ 2023- અજિત પવારે તેમના કાકા શરદ પવારની NCP છોડી દીધી અને ભાજપ-એકનાથ શિંદેના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેનાથી પાર્ટી બે ભાગમાં વહેંચાઈ ગઈ. 6 ફેબ્રુઆરી 2024- ચૂંટણી પંચે સત્તાવાર રીતે અજિત પવારના નેતૃત્વવાળા જૂથને 'NCP' (નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી) નામ અને 'ઘડિયાળ' ચૂંટણી ચિહ્ન આપ્યું. શરદ પવારના નેતૃત્વવાળા જૂથનું નામ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) રાખવામાં આવ્યું. ચૂંટણી પંચે પાર્ટીને 'રણશિંગુ (તુતારી) વગાડતો એક માણસ' ચૂંટણી ચિહ્ન ફાળવ્યું. 15 ફેબ્રુઆરી 2024- મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકરે અજિત પવાર જૂથને અસલી NCP જાહેર કર્યું, કારણ કે તેમની પાસે વિધાનસભામાં બહુમતી હતી. 2024 વિધાનસભા ચૂંટણી- બંને જૂથોએ અલગ-અલગ ચૂંટણી લડી; મહાયુતિમાં સામેલ NCP (અજિત પવાર) એ 41 બેઠકો જીતી. જ્યારે, મહા વિકાસ અઘાડી (MVA) નો ભાગ NCP (શરદ પવાર) ને 10 બેઠકો મળી હતી. અજિત પવારે 2 જુલાઈ 2023 ના રોજ મહારાષ્ટ્ર સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 68 ઉમેદવારો બિનહરીફ જીત્યા, મહારાષ્ટ્રમાં નગરપાલિકા ચૂંટણીના મતદાનના 13 દિવસ પહેલા ભાજપ ગઠબંધન (મહાયુતિ) એ 68 બેઠકો પર બિનહરીફ જીત નોંધાવી છે. ભાજપને 44 બેઠકો મળી, એકનાથ શિંદેની શિવસેનાએ 22 બેઠકો પોતાના નામે કરી.

## તંત્રી લેખ

# સુનામી, 15 વર્ષ પછી જાપાન ફરી દુનિયાનો સૌથી મોટો પરમાણુ પ્લાન્ટ બનાવશે

જાપાન હંમેશાં કહે છે કે તે પરમાણુ હથિયાર નહીં બનાવે, નહીં રાખે અને નહીં લાવે, પરંતુ આ ન્યૂક્લિયર પ્લાન્ટ શરૂ કરવાથી દુનિયામાં ખાસ કરીને ચીન અને ઉત્તર કોરિયામાં એવો સંદેશ જઈ રહ્યો છે કે જાપાન ભવિષ્યમાં પરમાણુ હથિયાર પણ બનાવી શકે છે. જાપાનની ન્યૂક્લિયર રેગ્યુલેશન ઓથોરિટી એટલે કે NRAએ લાંબી કાયદેસરની લડાઈ અને કડક તપાસ પછી ટોક્યો ઈલેક્ટ્રિક પાવર કંપની TEPCOને કાશીવાઝાકી-કરિવા પ્લાન્ટના રિએક્ટર્સમાં ઈંધણ લોડ કરવાની અને તેને ફરી ચાલુ કરવાની મંજૂરી આપી દીધી છે. જાપાનનું ફુકુશિમા. 2011માં અહીં સુનામી આવી હતી. નવો પ્લાન્ટ ફુકુશિમાંથી 188 કિલોમીટર દૂર નિગાતામાં બનશે, કારણ કે તે દરિયાની વિરુદ્ધ દિશામાં છે. એની કેપેસિટી 8 હજાર 200 મેગાવોટ હશે, એટલે કે દુનિયાનો સૌથી મોટો ન્યૂક્લિયર પ્લાન્ટ હશે. દરિયાની વિરુદ્ધ દિશામાં હોવાથી અહીં સુનામીની અસર ઓછી થશે. ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ એ પરમાણુ બોમ્બ નથી. ન્યૂક્લિયર પાવર પ્લાન્ટથી વીજળી બને છે અને ન્યૂક્લિયર બોમ્બ વિનાશ સર્જે છે. પાવર પ્લાન્ટ ક્યારેય બોમ્બની જેમ ફાટતા નથી, માત્ર દુર્ઘટના સમયે રેડિયેશન લીક થવાનું જોખમ હોય છે અને બીજો મોટો મુદ્દો ન્યૂક્લિયર વેસ્ટનો પણ હોય છે. 2011માં સુનામી પછી ન્યૂક્લિયર પાવર પ્લાન્ટમાં પાણી ભરાઈ જવાના કારણે રેડિયેશનના અંશો દરિયામાં વહીને છેક અમેરિકાના કિનારા સુધી પહોંચ્યા હતા, જોકે હવે આધુનિક વિજ્ઞાને એનો ઉકેલ શોધ્યો છે. જાપાન હવે આ કચરાને પૃથ્વીની ઊંડી સપાટીમાં ડીપ જિયોલોજિકલ રિપોઝિટરીમાં સુરક્ષિત રીતે દાટવાની ટેકનોલોજી વાપરી રહ્યું છે, કારણ કે આપણે સમજવું પડશે કે ટેકનોલોજી ગમે તેટલી વધે, પ્રકૃતિનું સંતુલન જાળવવું એ જ સાચો વિકાસ છે. જાપાનના નવા પ્લાન્ટની કેપેસિટી 8 હજાર 212 મેગાવોટ, એટલે કે 8.2 ગીગાવોટની હશે, જે તેને દુનિયાનો સૌથી મોટો ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ બનાવશે, પણ એક સવાલ થાય કે અચાનક જાપાને યુટર્ન કેમ લીધો. તો તેનો જવાબ છે પૈસાની તંગી, રશિયા-યુક્રેન યુદ્ધ અને AIના કારણે વીજળીની માગ વધી રહી છે એને પૂરી પાડવા. 2011ની ત્સુનામી દુર્ઘટના પછી ન્યૂક્લિયર, વિનાશ બાદ લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. લોકોના દબાણના લીધે ત્યારે સરકારે જાપાનનાં બધાં 54 ન્યૂક્લિયર રિએક્ટર્સ એક પછી એક બંધ કરી દીધાં હતાં. એનું પરિણામ એવું આવ્યું કે જે જાપાન એક સમયે 30 ટકાથી વધુ વીજળી ન્યૂક્લિયર રિએક્ટરથી બનાવતો હતો તે રાતોરાત બીજા દેશો પાસેથી મોંઘા કોલસા અને ગેસ લેવા મજબૂર બની ગયો. એક રિપોર્ટ મુજબ છેલ્લાં 10 વર્ષમાં જાપાને એનર્જી ઈમ્પોર્ટ કરવા માટે દર વર્ષે 200 અબજ ડોલરનો ખર્ચો કર્યો છે. જાપાનની અર્થ વ્યવસ્થા એક સમયે એક્સપોર્ટ પર ટકેલી હતી, તે એનર્જીના ઊંચા ભાવોના કારણે ટ્રેડ ડિફિસિટમાં ડૂબી ગઈ. માટે આજે 14 વર્ષ પછી જાપાની લોકોને સમજાયું કે દેશ ભાવનાઓથી નથી ચાલતો, ઘર, ફેક્ટરી અને બિઝનેસ ચલાવવા માટે સસ્તી વીજળી જોઈએ જ.... રશિયા-યુક્રેન યુદ્ધ પછી રશિયન ગેસ પરની નિર્ભરતા જાપાન માટે જોખમી સાબિત થઈ. જાપાન અત્યારસુધી પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં રશિયા પાસેથી Sakhalin-2 પ્રોજેક્ટ દ્વારા ગેસ લેતું હતું. હવે જાપાન તે આ નિર્ભરતા તોડવા માગે છે.

# વર્ષ 2025 દરમિયાન અમદાવાદ મંડળમાં કુલ 2047 એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ નોંધાયી છે અને 1855 મામલાના કેસ નોંધવામાં આવ્યા

**અમદાવાદ, તા. 03**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું રેલવે સુરક્ષા બળ (RPF) મુસાફરોની સુરક્ષા, રેલવે સંપત્તિની રક્ષા અને સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ જાળવવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યું છે. સાથે જ વર્ષ 2025 દરમિયાન એલાર્મ ચેન પુલિંગ (ACP) ની ઘટનાઓ પર કડક નજર રાખીને પ્રશંસનીય કાર્ય કર્યું છે. મુસાફરોની સુરક્ષા, ટ્રેનોની સમયપાલનતા તથા નિર્વિઘ્ન રેલવે સંચાલન સુનિશ્ચિત કરવા માટે RPF દ્વારા સતત સતર્કતા, ત્વરિત કાર્યવાહી અને અસરકારક સમન્વયના પરિણામે એલાર્મ ચેન પુલિંગ (ACP)ના કેસોમાં નોંધપાત્ર નિયંત્રણ સ્થાપિત કરવામાં આવ્યું છે. 01 જાન્યુઆરી 2025 થી 31 ડિસેમ્બર 2025 દરમિયાન અમદાવાદ મંડળમાં કુલ 2047 એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ નોંધાઈ હતી. તેમાંમાંથી 1855 મામલાના કેસ નોંધવામાં આવ્યા, જ્યારે બાકી કેસોમાં પ્રાથમિક તપાસ બાદ કાનૂની કારણોસર કેસ નોંધવામાં આવ્યા નહોતા. RPF દ્વારા 1813 વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કુલ 5,65,100 નો દંડ વસૂલવામાં આવ્યો હતો.મંડળ રેલ પ્રબંધક, અમદાવાદના જણાવ્યા અનુસાર 1142 એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ સ્ટેશનો પર તથા 905 ઘટનાઓ સેક્શનોમાં નોંધાઈ હતી. સ્ટેશનો પર નોંધાયેલા 1142 કેસોમાંથી 1031 મામલાના કેસ નોંધવામાં આવ્યા, જ્યારે સેક્શનોમાં નોંધાયેલા 905 કેસોમાંથી 812 કેસોમાં વિધિવત કાર્યવાહી કરવામાં આવી. દિવસના વિવિધ સમયગાળામાં એલાર્મ ચેન પુલિંગ (ACP) ની ઘટનાઓનું વિશ્લેષણ કરીને RPF દ્વારા સંવેદનશીલ સમયગાળાઓ દરમિયાન વિશેષ નજર અને પેટ્રોલિંગની વ્યવસ્થા કરવામાં આવી.

સ્ટેશનોમાં એલાર્મ ચેન પુલિંગની દૃષ્ટિએ અમદાવાદ (450), સાબરમતી (189), મણિનગર (50), મહેસાણા (92), વિરામગામ (42) અને ગાંધીધામ (38) મુખ્યત્વે પ્રભાવિત રહ્યા. જ્યારે સેક્શન સ્તરે ગેરતપુર-અમદાવાદ (142), અમદાવાદ-વિરામગામ (122), ઊંઝા-પાલનપુર (71), ઝુંડ-સમાખ્યાલી (63) તેમજ સમાખ્યાલી-ભુજ (68) અને અમદાવાદ-સાબરમતી (49) સેક્શનોમાં વધુ એલાર્મ ચેન પુલિંગ (ACP)ની ઘટનાઓ નોંધાઈ હતી, જ્યાં RPF દ્વારા વધારાની દેખરેખ અને ત્વરિત કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી હતી. એલાર્મ ચેન પુલિંગના મુખ્ય કારણોમાં મુસાફર દ્વારા ખોટી ટ્રેન અથવા કોચમાં ચઢી જવું, મુસાફરનું સામાન છૂટી જવું તથા સાથી મુસાફર છૂટી જવો વગેરેનો સમાવેશ થાય છે. આ કારણોને ધ્યાનમાં રાખીને RPF દ્વારા મુસાફરોને જાગૃત કરવા માટે સતત અભિયાન ચલાવવામાં આવ્યા અને રેલવે સ્ટાફ સાથેનો સમન્વય વધારવામાં આવ્યો. આ ઉપરાંત આશ્રમ એક્સપ્રેસ, કચ્છ એક્સપ્રેસ, અલા હઝરત એક્સપ્રેસ, અરાવલી એક્સપ્રેસ અને લોકશક્તિ એક્સપ્રેસ જેવી કેટલીક ટ્રેનોમાં એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ તુલનાત્મક રીતે વધુ નોંધાઈ હતી, જેના પર RPF દ્વારા વિશેષ નજર રાખવામાં આવી રહી છે. રેલ પ્રશાસન અને RPF મુસાફરોને અપીલ કરે છે કે એલાર્મ ચેનનો ઉપયોગ માત્ર આપાતકાળીન પરિસ્થિતિમાં જ કરો. અનાવશ્યક એલાર્મ ચેન પુલિંગથી ટ્રેન સંચાલનમાં વિક્ષેપ ઊભો થાય છે તેમજ અન્ય મુસાફરોની સુરક્ષા અને સુવિધા પર પણ અસર પડે છે. અમદાવાદ મંડળ RPF સુરક્ષિત, સંરક્ષિત અને સમયબદ્ધ રેલવે સંચાલન માટે ભવિષ્યમાં પણ આ જ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરતું રહેશે.

# 10 જાન્યુઆરી એટલે વિશ્વ હિન્દુ દિવસ! પણ શું ભારતીય ખુદ એને મહત્વ આપે છે ?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રવિવારના લેખ માટે શું લખવું? એ વિચારતી હતી તો 10 જાન્યુઆરી એટલે વિશ્વ હિન્દી દિવસ પર લખવું એવું નક્કી કરી લખવા બેઠી, તો મનમાં એ વિચાર આવ્યો કે, શું મારી જેમ દરેકને પોતાનાં ભારતીય હોવા પર ગર્વ છે ખરો? એમને મન એમની હિંદુ સંસ્કૃતિ અને હિન્દી ભાષાનું કેટલું મુલ્ય છે? હિન્દી ભાષા એટલે જે હિન્દુ બોલચાલમાં વાપરે એ ભાષા એવો એક સામાન્ય અર્થ થાય પણ બોલવાની વાત તો ઠીક પરંતુ બધાં સમજતા પણ નથી! ચિંતનની આ ધારા દર લેખમાં કંઈક એવું લખાવી જાય છે, અને જે ખરેખર આપણાં આજનાં સમયનું સત્ય છે કે, આપણી નજર સામે જ આપણી એટલે કે પૂર્વની ઉજ્જવળ હિન્દુ સંસ્કૃતિ બરબાદ થતી ગઈ! અને એ પણ આપણી નાસમજી કે પછી આપણાં જ સંસ્કારની મૂલવણી આપણે યોગ્ય રીતે કરી ન શક્યા, અને એટલે હિન્દી ભાષા ને જોઈએ એટલું માન સન્માન આપી શક્યા! અને બીજું કોઈ કારણ હોય તો એ પ્રાન્તવાદને કારણે! એટલે કે ભારત વિવિધ રાજ્યો ધરાવતો દેશ છે, અને આ દરેક રાજ્ય તેની ભૌગોલિક અને સાંસ્કૃતિક સંસ્કૃતિથી અલગ પડે છે, અને દરેકને પોતાનાં ભારતીય હોવા પર ગર્વ હોવો જોઈએ, એની કરતાં પોતાનાં પ્રાંતની સંસ્કૃતિ પર વધુ ગર્વ છે, અને એને કારણે મૂળમાં ભારત મારો દેશ, હિન્દી મારી માતૃભાષા એ લાગણી ક્યાંક પાછળ છૂટી જાય છે, અને સૌ અંગ્રેજીની આળપંપાળ કરે છે. વિશ્વમાં એવાં કેટલાય દેશ છે, જ્યાં ફક્ત પોતાની જ ભાષાનું પ્રભુત્વ છે.

આવી જ કોઈ લાગણી ભારતનાં ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીને પણ થઈ હશે! અને એટલે એમણે હિન્દી ભાષાનાં પ્રચાર એવં પ્રસાર માટે 10 જાન્યુઆરી 1975ના રોજ ભારતના નાગપુરમાં પ્રથમ વિશ્વ હિન્દી સંમેલન યોજાયું હતું. આ સંમેલનનો મુખ્ય હેતુ હિન્દી ભાષાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાનો હતો.આ મહત્વપૂર્ણ ઘટનાની યાદમાં દર વર્ષે 10 જાન્યુઆરીને વિશ્વ હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

હિન્દી ભાષાના પ્રચાર અને પ્રભુત્વને મુખ્યત્વે તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પ્રોત્સાહન આપ્યું હતું. સંમેલનનું ઉદ્ઘાટન ઈન્દિરા ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું, તેમણે હિન્દીનાં સમર્થ સાહિત્યકારોને હિન્દીને રાષ્ટ્રીય એકતા અને આંતરરાષ્ટ્રીય સંવાદની ભાષા તરીકે વિકસાવવા પર ભાર મૂક્યો હતો. ભારત તથા વિદેશના વિદ્વાનો, લેખકો અને ભાષાવિદો પણ આ સંમેલનમાં જોડાયા હતા, પરંતુ રાજકીય અને વૈશ્વિક સ્તરે હિન્દીને મજબૂત આધાર આપનાર મુખ્ય નેતૃત્વ ઈન્દિરા ગાંધીનું હતું! અને એટલે જ કહી શકાય કે હિન્દીના વૈશ્વિક પ્રચારમાં તેમનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે!

પ્રથમ વિશ્વ હિન્દી સંમેલન 1975 નાગપુરમાં યોજાયું હતું



અને નીચેના મુદ્દાઓ પર ચર્ચા અને ભાષણો થયા હતા:

૧) હિન્દીને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે વિકસાવવી

૨)વિદેશોમાં હિન્દીના શિક્ષણ અને પ્રસાર માટેની યોજનાઓ

૩)હિન્દી અને ભારતીય સંસ્કૃતિનો સંબંધ

૪) વિજ્ઞાન, તકનીક, વહીવટ અને કૂટનીતિમાં હિન્દીનો ઉપયોગ

૫)અન્ય ભાષાઓ સાથે હિન્દીનું સહઅસ્તિત્વ અને સમન્વય

૬) વિદેશમાં વસતા ભારતીયો દ્વારા હિન્દીનો પ્રચાર

આ સંમેલનનો મુખ્ય હેતુ એ હતો કે હિન્દી માત્ર ભારતની નહીં, પરંતુ વિશ્વ સાથે જોડતી ભાષા બને. હા પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનમાં હિન્દી સાહિત્યને ખાસ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, પરંતુ તેનું કેન્દ્રબિંદુ માત્ર કાવ્ય કે કથા પૂરતું સિમિત નહોતું, બલ્કે હિન્દીને વૈશ્વિક સ્તરે વિચાર, જ્ઞાન અને સંસ્કૃતિની ભાષા તરીકે સ્થાપિત કરવાનું હતું. આ સંમેલનમાં હિન્દી સાહિત્ય અંગે શું કરવામાં આવ્યું? એવો કોઈ પ્રશ્ન થાય તો, ત્યાં હિન્દી સાહિત્યની આંતરરાષ્ટ્રીય ઓળખ પર ચર્ચા થઇ,

વિદેશોમાં હિન્દી સાહિત્યનાં અનુવાદ અને પ્રસારની જરૂરિયાતો કેટલી છે, એનો સર્વે કરવો,

હિન્દી સાહિત્ય દ્વારા ભારતીય સંસ્કૃતિનાં સંદેશનું પ્રસારણ કરી લોકોને આપણી સંસ્કૃતિથી વાકેફ કરવા, તેમજ નવા લેખકો અને વિદ્વાનોને વૈશ્વિક મંચ આપવા પર ભાર મૂકવામાં આવ્યો. આમ તો આ કાર્યક્રમમા કોણ કોણ ઉપસ્થિત હતું? એની નોંધ નથી. પણ હા, આ સંમેલનમાં પ્રખ્યાત હિન્દી સાહિત્યકારો, ભાષાવિદો અને વિદ્વાનો હાજર રહ્યા હતા. તેમાં ભારત ઉપરાંત વિદેશોમાંથી પણ હિન્દી સાથે જોડાયેલા લોકો આવ્યા હતા. પરંતુ પ્રમુખ રીતે આ સંમેલન સાથે સંકળાયેલા માનવામાં આવતાં લોકોમાં

હિન્દી સાહિત્યકારો અને સમાલોચકો

ભાષાવિદો અને અધ્યાપકો વિદેશમાં હિન્દી ભણાવતાં પ્રોફેસરો અને લેખકો હાજર હતા. જોકે આ સંમેલન કોઈ એક કવિ અથવા લેખકનાં સાહિત્યનાં પ્રચાર માટે નહોતું, પરંતુ સમગ્ર હિન્દી સાહિત્ય પરંપરાને વૈશ્વિક સ્તરે મંચ આપવાનો એક નેક પ્રયાસ હતો. પણ પ્રશ્ન એ થાય કે શું હિન્દી સાહિત્યને પ્રોત્સાહન મળ્યું ખરું?, હા, એમનાં રસપ્રદ સાહિત્ય એ સૌનું હિન્દી ભાષા તરફનું વલણ સુધર્યું. એમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો અને વિદ્વાનો હાજર હતાં, જેમનો મુખ્ય ઉદ્દેશ, હિન્દી ભાષા અને સંસ્કૃતિગત વિચારને સૌ સુધી પહોંચાડીને હિન્દીને વૈશ્વિક ભાષા બનાવવી.

આમ તો આ સંમેલનમાં હિન્દી સાહિત્યનું નેતૃત્વ કરવા માટે કોણ કોણ હાજર રહ્યું હતું, એની કોઈ નોંધ નથી, પણ એ સમયમાં પ્રસિદ્ધ અને પ્રચલિત એવા ચાર હિન્દી લેખકો છે, જેનુ સાહિત્ય આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

(૧) હરિવંશ રાઈ બચ્ચન, હિન્દી કવિ અને લેખક સૌથી પ્રસિદ્ધ ચરિત્ર, મધુશાળા

કાવ્યમાં માનવીય ભાવના અને જીવનનું ભવિષ્ય રજૂ કરેલું છે

૨). ઓમકારનાથ (જશપાલ)

જવાબદાર લેખક અને નવલકથાકાર એમની

પ્રસિદ્ધ કૃતિ: જૂઠાં સચ, મેરી તેરી, તેની વાતો હંમેશા હિન્દી સામાજિક અને રાજકીય મૂલ્યો પર લખેલું કાર્ય કર્યું છે.

3. કમલેશ્વર

હિન્દી નવલકથાકાર અને વિચારક

કૃતિઓમાં કિતને પાકિસ્તાન! જેવી સામાજિક નવલકથા છે, જેઓ 20મી સદીનાં મધ્ય ભાગમાં હિન્દી સાહિત્યનું પ્રતિનિધિત્વ કર્યું.

4. ગોવિંદ મિશ્ર

નવલકથાકાર અને વાર્તાકાર

જાણીતા ગ્રંથ: લાલ પીલી જમીન, ધૂલ પૌધો પર વિવિધ સમાંજિક મુદ્દાઓને આવૃત્ત કરનારા લેખક હોય શકે.

એ સમય જુદો હતો અને ભારત તરફ અન્ય દેશની નજરમાં સતત વૈમનસ્ય અને હલકાની ભાવના રહેતી હતી, અને એટલે હિન્દુ તેમજ હિન્દી ભાષાનું મહત્વ વધારવાનું જરૂરી હતું. પણ આજે પરિસ્થિતિ જુદી છે, આજે જે રીતે ભારતીય યંગ જનરેશન વિદેશ વસવા માટે કંઈ કેટલાય રુપિયા જે તે દેશના આર્થિક તંત્રને મજબૂત બનાવવા માટે ખર્ચી નાખે છે, હાલાકી વિશ્વભરમાં ભારત વિકાસનાં રોલ મૉડેલ તરીકે પ્રસિદ્ધ છે, અને હિન્દુ સંસ્કૃતિના યોગ, ધ્યાન, આર્યુવેદ, સત્સંગ, હરિ કથા તેમજ અન્ય સાહિત્યિક કૃતિ ઓ માટે વિદેશીઓમાં ઉચ્ચ ભાવ જોવા મળે છે, તેઓ ધીરેધીરે માનતાં થયાં છે કે, સાધનો માત્ર સુખ આપી શકે, પણ સંતોષ પ્રસન્નતા અને આનંદ સુધી પહોંચવા માટે, હૃદયમાં રહેલાં ઉંચ નીચનાં ભાવ દૂર કરવાં પડશે! અને એની માટે હિન્દુ સંસ્કૃતિની ઉદાર અને ઉમદા ભાવના જ અસરકારક છે.

પરંતુ હિન્દુઓમાં જ પોતાના દેશ અને પોતાની રાષ્ટ્રીય ભાષા માટે જોઈએ, એટલો ઉચ્ચ ભાવ નથી. એ અંગ્રેજી ભાષાને પોતાનું સ્ટેટસ માને છે, અને રુપિયા કમાવા માટે, ગમે તે દેશની સંસ્કૃતિ અપનાવવામાં પણ સંકોચ નથી રાખતા. આજનાં સમયમાં આધુનિકતાની એવી આંધી ઊઠી છે કે અન્ય કરતાં, ભારતના દેશવાસીઓ માટે હિન્દી ભાષાનું મહત્વ સમજવું બહુ જરૂરી છે. ગાંધીજીએ હિન્દીને એકતાની ભાષા કહી હતી. સમગ્ર વિશ્વમાં સૌથી બોલાતી આ બીજા ક્રમાંકની ભાષા છે. તેમ છતાં ભારતમાં ભાષાના નામે રાજકારણ રમાતુ આવ્યું છે. વિદેશોમાં અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીઓમાં હિન્દીનો સમાવેશ થાય છે, અને આપણા દેશમાં તેની બાદબાકી થાય છે. જય હિન્દ.

# આપણું મન જે સ્વીકારે તે સુખ અને આપણું મન જે ન સ્વીકારે તે દુઃખ.સુખ અને દુઃખમાં કોઈ મોટી ભેદરેખા નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આપણે હમણાંથી ચિંતનાત્મક લેખ પરીક્ષાનો સમય શરૂ થશે ત્યારે યુવા મિત્રોને ધ્યાનમાં રાખી ને રજૂ કરી રહયા છીએ આજે જોઈએ તો બે છોકરાઓ બગીચામાં રમી રહ્યા હતા ત્યારે તેમણે એક જાંબુડીનું ઝાડ જોયું જેના પર જાંબુ ઝુમખે ઝુમખા લટકતા હતા.જાંબુ જોઈને તેમના મોંમાં પાણી આવી ગયું.તેઓ જાંબુ ખાવા માંગતા હતા,પણ ઝાડ ખૂબ ઊંચું હતું.તેથી તેને કેવી રીતે ખાઈ શકે? પ્રશ્ન બહુ વિકટ હતો.

એક છોકરાએ કહ્યું, ‘ક્યારેક કુદરત પણ અન્યાયી હોય છે.જો ને,જાંબુ જેવું નાનું ફળઆટલા મોટા ઝાડ પર આટલું ઊંચું આવે છે,જ્યારે મોટા તરબૂચ વેલા પર લટકીને જમીન પર પડયા હોય છે

બીજો છોકરો તેની વાત સાથે સંમત થયો. તેણે કહ્યું, ‘તારી વાત તો સાચી છે,પણ મને સમજાતું નથી કે કુદરતે નાના અને મોટાના ભેદને કેમ ધ્યાનમાં લીધો નથી.શું એનો કોઈ અર્થ નથી કે આટલું નાનું ફળ લેવા માટે આટલા ઊંચા ઝાડ પર ચઢવું પડે? હું માનું છું કે કુદરત પણ સંપૂર્ણ નથી.ત્યાં ‘અચાનક,ઝાડ ઉપરથી એક છોકરાના માથા પર જાંબુનો ઝુમખો પડ્યો.તેણે ઉપર જોયું પણ કંઈ કહ્યું નહીં.પછી બીજા છોકરાએ કહ્યું, ‘મિત્ર! અમે ફક્ત કુદરતની ટીકાકરી રહ્યા હતા,અને કુદરતે આપણને પાઠ શીખવ્યો. જરા વિચાર કર,જો જાંબુને બદલે તરબૂચ હોત અને આ રીતે પડી ગયું હોત તો શું થયું હોત?તારું માથું ફાટી ગયું હોત, અને તું કદાચ બચી ન શક્યા હોત બીજો છોકરો તેની વાત સાથે સંમત થયો. તેણે કહ્યું,‘તારી વાત તો સાચી છે,પણ મને સમજાતું નથી કે કુદરતે નાના અને મોટાના ભેદને કેમ ધ્યાનમાં લીધો નથી.શું એનો કોઈ અર્થ નથી કે આટલું નાનું ફળ લેવા માટે આટલા ઊંચા ઝાડ પર ચઢવું પડે? હું માનું છું કે કુદરત પણ સંપૂર્ણ નથી.ત્યાં ‘અચાનક,ઝાડ ઉપરથી એક છોકરાના માથા પર જાંબુનો ઝુમખો પડ્યો.તેણે ઉપર જોયું પણ કંઈ કહ્યું નહીં.પછી બીજા છોકરાએ કહ્યું, ‘મિત્ર! અમે ફક્ત કુદરતની ટીકાકરી રહ્યા હતા,અને કુદરતે આપણને પાઠ શીખવ્યો. જરા વિચાર કર,જો જાંબુને બદલે તરબૂચ હોત અને આ રીતે પડી ગયું હોત તો શું થયું હોત?તારું માથું ફાટી ગયું હોત, અને તું કદાચ બચી ન શક્યા હોત

જેના માથા પર જાંબુનો ઝૂમખો પડ્યો હતો.તે છોકરાએ કહ્યું ‘હા, મિત્ર કુદરત જે કરે છે તે સારા માટે છે,‘

એકવાર, ૩૧ ડિસેમ્બરની સાંજે, એક ખેડૂત તેના ખેતરના શેઢે ઉદાસ થઈને બેઠો હતો.તેને વિચારમાં બેઠેલો જોઈને,તેનો પાડોશી આવ્યો અને પૂછ્યું, ‘શું વાત છે ભાઈ?કાલે નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે,અને તમે આટલા ઉદાસ કેમ છો?‘

ખેડૂતે ઊંડો નિસાસો નાખ્યો અને કહ્યું, ‘ભાઈ,ગયા વર્ષે ખૂબ જ ખરાબ સમય હતો.વધુ વરસાદ પડ્યો હતો,પાક નિષ્ફળ ગયો હતો,અને અમારા પર દેવું થઈ ગયું હતું. મને ડર છે કે આવનારું વર્ષ પણ એવું જ રહેશે.‘

પાડોશીએ હસીને જમીનમાંથી થોડી માટી ઉપાડી. તેણે ખેડૂતને આપી અને કહ્યું, ‘આ માટીનેપૂછો શું તેને ગયા વર્ષે વરસાદ પડ્યો તે યાદ છે? શું તે ગુસ્સે છે કે ગયા વર્ષનો પાક સારો નહોતો?‘ખેડૂત ચૂપ રહ્યો.

પાડોશીએ સમજાવ્યું, ‘ભાઈ,આ પૃથ્વી ભૂતકાળનો હિસાબ રાખતી



નથી.તે ફક્ત તમે આજે વાવેલા બીજ ઉગાડશે.તે એવું નહીં કહે,’તમે ગયા વર્ષે મને વધુ પાણી આપ્યું હતું,તેથી હું આ વર્ષે પાક નહીં લઉં.’‘નવું વર્ષ આખેતર જેવું જ છે.તે ખાલી છે.તેને ખબર નથી કે ગયા વર્ષે તમારી સાથે શું ખરાબ થયું.જો તમે આશા અને મહેનતના બીજ વાવો છો,તો તે ચોક્કસપણે સફળતાનો પાક આપશે.જૂના વર્ષના ડરને નિરાશામાં ફેરવશો નહીં;તેમને ત્યાં દાટી દો.‘

ખેડૂતની આંખો ચમકી ગઈ.તે સમજી ગયો કે કારનો આગળનો દશ્ય અરીસો મોટો કેમ હોય છે અને તેનો પાછળનો દશ્ય અરીસો નાનો કેમ હોય છે કારણ કે આગળ શું છે તે ગઈકાલે શું થયું તેના કરતાં ઘણું મહત્વનું છે.તો કથા અમૃતમાં જોઈએ તો આખો દહાડો શબરી રામમંત્રનો જપ કરે છે.શબરી પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ છે.એની નિષ્ઠા દિવ્ય છે. આવાના ઘરે રામજી ન પધારે તો કોના ઘરે પધારે?રામ-લક્ષ્મણ પંપાસરોવર પાસે આવે છે.ઋષિ મુનિઓ સ્વાગત કરે છે.પધારો, પધારો અમારે ત્યાં આવો!રામજી કહે,મારે તો શબરીના ઘરે જવુંછે.

પ્રભુ કહે છેકે,જે મને શોધે છે તેને શોધતો હું જાઉં છું.જે મને ઝંખે છે તેને હું ઝંખું છું.શબરીના આશ્રમમાં રામ-લક્ષ્મણ પધાર્યા. શબરી રામનો મંત્રજપતી બેઠી છે રામજીને જોઈ શબરીએ સુંદર આસન બેસવા માટે આપ્યું. કહે કે,હું જાતિહીન છું,પણ આપને શરણે આવી છું.

રામજી કહે છે કે,હું બીજા સંબંધ માં માનતો નથી, મારે તો સબ સે ઊંચી પ્રેમ સગાઈ! રામની સેવામાં કોઈજાતિ નથી,જાતિહીનતા નથી

બે પડિયામાં શબરી બોર લાવ્યા. શબરી ચાખી-ચાખીને ભગવાનને બોર આપે છે.કદાચ બોર ખાટાં અપાઈ જાય તેની તેને ચિંતા છે. અતિપ્રેમમાં શબરીને ભાન નથી કે તે એંઠા બોર રામજીને ખવડાવી રહી છે. રામજીએ શબરીનાં બોર નાં બહુ વખાણ કર્યાં.આનું નામ પ્રેમલક્ષણા ભક્તિ.પ્રેમમાં જ મીઠાશ છે.પ્રેમને કલંકિત ન કરો. ઈશ્વરને પ્રેમ કરો તો કેવળ ઈશ્વર ને માટેજ પ્રેમ કરો.

રામજી શબરીનાં બોર ખાઈ ગયા મહાપુરુષોએ વર્ણન કર્યું છેકે,આ બોરના ઠળિયાથીદ્રોણાચલ પર્વત ઉપર સંજીવની વનસ્પતિ પેદાથઈ લક્ષ્મણજી યુદ્ધમાં મૂર્છા ખાઈને પડ્યા ત્યારેએ સંજીવનીએ તેમને જીવતદાન આપ્યું હતું. સાધુ-સંતોમાં ખૂબ વિશ્વાસ રાખો શબરીનું ચિત્ર માનવમાત્ર માટે આશ્વાસનરૂપ છે.રામે શબરીને પૂછ્યું કે,તારી કાંઈ ઈચ્છા હોય તો કહે.ત્યારે શબરી એ કહ્યું,પંપા સરોવરનું જળ બગડી ગયું છે તે સુધારો! વાત એમ હતી કે,એક વખત એક ઋષિએ શબરીને લાત મારી હતી,ત્યારથી પંપા સરોવરનું જળ બગડ્યું હતું.રામજી કહે, તે જળને સુધારવાની મારી શક્તિ નથીપણ લોકોએ જ્યારે રામજીને સુધારવા આગ્રહ કર્યો ત્યારે રામજીએ લોકોને કહ્યું કે,તમે શબરીનું ચરણતીર્થ તેમાંપધરાવો! લોકોએ તેમ કર્યું તો ફરીએ સરોવરનું જળ અતિ મધુર બન્યું. શબરીજી રામનાં દર્શન કરતાં કરતાં યોગાગ્નિમાં સમાયાં છે. રઘુનાથજી ત્યાંથી આગળચાલ્યા ઋષ્યમૂકપર્વત નજીક આવ્યા,ત્યાં પ્રથમ હનુમાનજીનું મિલન થયું. યુવા મિત્રો આગામી ૩૬૫ દિવસ કોરા કાગળ જેવા છે.કલમતમારા હાથમાં છે.ઘસાઈ ગયેલા પાના ફરીથી વાંચીને ઉદાસ ન થાઓ. તેને નવી શાહીથી ભરો અને નવી વાર્તા લખો. આજે આપણે અહીં અટકીએ અસ્તુ. બે પડિયામાં શબરી બોર લાવ્યા. શબરી ચાખી-ચાખીને ભગવાનને બોર આપે છે.કદાચ બોર ખાટાં અપાઈ જાય તેની તેને ચિંતા છે. અતિપ્રેમમાં શબરીને ભાન નથી કે તે એંઠા બોર રામજીને ખવડાવી રહી છે.રામજીએ શબરીનાં બોર નાં બહુ વખાણ કર્યાં.આનું નામ પ્રેમલક્ષણા ભક્તિ.પ્રેમમાં જ મીઠાશ છે.પ્રેમને કલંકિત ન કરો. ઈશ્વરને પ્રેમ કરો તો કેવળ ઈશ્વર ને માટેજ પ્રેમ કરો. રામજી શબરીનાં બોર ખાઈ ગયા મહાપુરુષોએ વર્ણન કર્યું છેકે,આ બોરના ઠળિયાથીદ્રોણાચલ પર્વત ઉપર સંજીવની વનસ્પતિ પેદાથઈ લક્ષ્મણજી યુદ્ધમાં મૂર્છા ખાઈને પડ્યા ત્યારેએ સંજીવનીએ તેમને જીવતદાન આપ્યું હતું. સાધુ-સંતોમાં ખૂબ વિશ્વાસ રાખો શબરીનું ચિત્ર માનવમાત્ર માટે આશ્વાસનરૂપ છે.રામે શબરીને પૂછ્યું કે,તારી કાંઈ ઈચ્છા હોય તો કહે.ત્યારે શબરી એ કહ્યું,પંપા સરોવરનું જળ બગડી ગયું છે તે સુધારો! વાત એમ હતી કે,એક વખત એક ઋષિએ શબરીને લાત મારી હતી,ત્યારથી પંપા સરોવરનું જળ બગડ્યું હતું. રામજી કહે, તે જળને સુધારવાની મારી શક્તિ નથીપણ લોકોએ જ્યારે રામજીને સુધારવા આગ્રહ કર્યો ત્યારે રામજીએ લોકોને કહ્યું કે,તમે શબરીનું ચરણતીર્થ તેમાંપધરાવો! લોકોએ તેમ કર્યું તો ફરીએ સરોવરનું જળ અતિ મધુર બન્યું. શબરીજી રામનાં દર્શન કરતાં કરતાં યોગાગ્નિમાં સમાયાં છે. રઘુનાથજી ત્યાંથી આગળચાલ્યા ઋષ્યમૂકપર્વત નજીક આવ્યા,ત્યાં પ્રથમ હનુમાનજીનું મિલન થયું. યુવા મિત્રો આગામી ૩૬૫ દિવસ કોરા કાગળ જેવા છે. કલમતમારા હાથમાં છે.ઘસાઈ ગયેલા પાના ફરીથી વાંચીને ઉદાસ ન થાઓ. તેને નવી શાહીથી ભરો અને નવી વાર્તા લખો. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદમાં શ્રીમતી મણિબહેન આયુર્વેદિક હોસ્પિટલ ખાતે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં આયુષ મેળાનું ભવ્ય આયોજન

**અમદાવાદ, તા. 03**

ગુજરાત સરકારની વિશિષ્ટ પહેલ હેઠળ અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક શ્રીમતી મણીબહેન આયુર્વેદિક હોસ્પિટલ ખાતે ભવ્ય 'આયુષ મેળો' યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યના શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રી દર્શનાબહેન વાઘેલાએ આ પ્રસંગે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, હોસ્પિટલના વધતા ધસારા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા આ વર્ષના બજેટમાં નવી બિલ્ડિંગના નિર્માણ માટે રૂ. 21 કરોડની રકમ ફાળવવામાં આવી છે, જેનું ખાતમુહૂર્ત ટૂંક સમયમાં કરવામાં આવશે. મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ હોસ્પિટલની સેવાઓની પ્રશંસા કરતા ઉમેર્યું હતું કે, વર્ષ 1970માં સ્થાપિત મણીબેન આયુર્વેદિક હોસ્પિટલે પેરાલિસિસ અને સાંધાના દુખાવા જેવા ગંભીર રોગોની સચોટ સારવાર દ્વારા સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ઉભી કરી છે, જેનો લાભ અનેક કલાકારો અને દૂર-દૂરના દર્દીઓ લઈ રહ્યા છે. હોસ્પિટલ, શાળા અને આંગણવાડી જેવા જનસેવા સાથે જોડાયેલા પ્રકલ્પોને પ્રાથમિકતા આપી લોકોની સુખાકારીમાં વધારો કરવો એ સરકારનો મુખ્ય ધ્યેય છે. મેયર



શ્રીમતી પ્રતિભાબહેન જૈને જણાવ્યું હતું કે, 200 બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલ પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ દ્વારા લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરી રહી છે. આયુર્વેદ માત્ર બીમારી દૂર કરવાનું સાધન નથી પણ તે એક જીવનશૈલી છે જે આપણને આહાર અને દિનચર્યા દ્વારા રોગમુક્ત રહેતા શીખવે છે. તેમણે આયુર્વેદિક સારવારની આડઅસર રહિત અસરો પર ભાર મૂકતા સૌને માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે આ પ્રાચીન પદ્ધતિ અપનાવવા આહ્વાન કર્યું હતું. આ મેળામાં નાગરિકોના સ્વાસ્થ્ય પરીક્ષણ માટે ડાયાબિટીસ ચેકઅપ, હાડકાની તપાસ (BMD), નાડી પરીક્ષા, કેલ્શિયમ તપાસ અને પ્રકૃતિ પરીક્ષણ જેવી સુવિધાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત, પંચકર્મની વિશિષ્ટ સારવાર પદ્ધતિઓ જેવી કે શિરોધારા, જાનુ વસ્તી અને ચામડીના રોગો માટેની પ્રાચીન જલોકા ટ્રીટમેન્ટનું પણ જીવંત પ્રદર્શન યોજાયું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી આજે જ્યારે સમગ્ર વિશ્વ આયુર્વેદ અને યોગનું મહત્વ સ્વીકારી રહ્યું છે, ત્યારે લોકો સ્વસ્થ જીવનશૈલી અપનાવે તે હેતુથી 'સ્વાસ્થ્ય કેલેન્ડર'નું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બહેનોને સ્પેશિયલ કિટ અને તમામ મુલાકાતીઓને આયુર્વેદિક, હોમિયોપેથીક દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના અધિક્ષક ડૉ. પ્રવીણભાઈ, જસુભાઈ ઠાકોર, આરએમઓ સુશ્રી રાજશ્રીબહેન સુથાર, કાઉન્સિલરશ્રીઓ, અન્ય આમંત્રિત મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાણંદના વિંછીયા ગામે જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં ભવ્ય પ્રાકૃતિક કૃષિ મેળો અને પ્રદર્શન યોજાયું

**અમદાવાદ, તા. 03**

પ્રકૃતિના ખોળે પ્રાકૃતિક ખેડૂતોના ઉત્કર્ષ માટે 'આત્મા' પ્રોજેક્ટના આત્મીય પ્રયાસોથી સાણંદ તાલુકાના વિંછીયા ગામ સ્થિત કામધેનુ ગૌશાળા ખાતે એક ભવ્ય પ્રાકૃતિક કૃષિ મેળો અને પ્રદર્શન યોજાયું હતું. અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 'પ્રકૃતિ તરફ પાછા ફરો અને જમીન બચાવો'ના મંત્ર સાથે ખેડૂતોને ઝેરમુક્ત ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. આ તાલીમ સહ પ્રદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. સી. કે. ટીંબડિયા, પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે. કે. પટેલ તથા જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેષભાઈ પટેલે ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત ખેતી અપનાવવા વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી માત્ર જમીનની ફળદ્રુપતા જ નથી વધતી, પરંતુ ગ્રાહકોને શુદ્ધ અને પૌષ્ટિક આહાર પણ મળે છે. કાર્યક્રમ દરમિયાન કામધેનુ ગૌશાળા ખાતે નવનિર્મિત 'બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર'નું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જે આગામી સમયમાં ખેડૂતોને ખેતી માટેના જરૂરી પ્રાકૃતિક ઘટકો પૂરા પાડવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર એવોર્ડ વિજેતા ખેડૂતો અને મોડલ ફાર્મ ધરાવતા ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં SPNF જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા, આત્મા સ્ટાફ અને ખેતીવાડી વિભાગની ટીમ જોડાઈ હતી.

## કપડવંજમાં કુપોષણ નિવારણ હેતુ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલાની પરિણામલક્ષી કામગીરી માટે ખાતરી

**નડિયાદ, તા. 03**

કપડવંજની મોટી સુલતાનપૂર ગામ, ચંદ્ર સેવા આશ્રમ ખાતે આયોજીત કાર્યક્રમમાં કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે કપડવંજ તાલુકામાં ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાનનો શુભારંભ કરાવ્યો. જેમાં કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ એકસુરે કુપોષણ નિવારણ પહેલમાં સહયોગ આપવા ખાતરી આપી હતી. આ પ્રસંગે કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલાએ જણાવ્યું કે ખેડા જિલ્લાના કુપોષિત બાળકોની જિલ્લા વહીવટી તંત્રએ ચિંતા કરી છે. કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા માટે સહિયારા પ્રયાસની જરૂર છે. ત્યારે ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાન હેઠળ કપડવંજમાં કુપોષિત બાળકો માટે પરિણામલક્ષી કામગીરી કરવાની ખાતરી ધારાસભ્યશ્રીએ આપી હતી. આ તકે કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવે કપડવંજની ૧૫૦ થી વધુ દૂધ મંડળીઓના સેક્રેટરી અને ચેરમેનશ્રીઓને આ અભિયાનની શરૂઆત, હેતુ અને કામગીરીનો પરિચય આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે ગ્રામ સ્તરે થી જ કુપોષણ નિવારણના પ્રયાસો થાય તે હેતુ થી ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે સમગ્ર ચરોતર વિસ્તાર દૂધની વિપુલતા માટે પ્રખ્યાત છે. બાળકોએ ગામના છે, સમાજના છે. ત્યારે સ્વૈચ્છિક દૂધ દાન થી ગામના બાળકોના પોષણમાં સુધારો લાવવા પ્રયાસો કરીએ. દુધ માત્ર પ્રતીક છે. આ સિવાય પણ કઠોળ, ગોળ, ઘી જેવા પૌષ્ટિક આહાર આપવા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો. શ્રી અમિત પ્રકાશ યાદવે કહ્યું કે કુપોષણથી આરોગ્ય, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે બાળકોને સંઘર્ષ કરવો પડે છે. કુપોષણ નિવારણ કરવું એ લાંબા ગાળાની પ્રક્રિયા છે. ત્યારે વાલીઓને પોતાના બાળકના પોષણ માટે આયોજન કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત કુપોષણના મૂળમાં રહેલ બાળ લગ્નના પડકાર વિશે પણ કલેકટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. પોતાના ઘર અને કુટુંબની દીકરીઓને ફરજિયાત ૧૮ વર્ષ પછી જ લગ્ન કરાવવા સંકલ્પબદ્ધ થવા વાલીઓને અપીલ કરી હતી. ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાનની સફળતા વિશે વાત કરતા કલેકટરશ્રીએ જણાવ્યું કે માતરના પરીએજ થી શરૂ થયેલ આ કાર્યક્રમ હેઠળ આજે જિલ્લામાં પ્રતિદિન ૬૫૦ લીટર દૂધનું કલેક્શન કરી આંગણવાડીના બાળકોને પહોંચાડવામાં આવે છે. તેમણે આનંદ વ્યક્ત કરતા કહ્યું કે આજે માત્ર ૧૫ મિનીટમાં આશીર્વાદપાત્ર દૂધ થી ભરાઈ જાય છે જે આ અભિયાનની સફળતા દર્શાવે છે. આમ, કલેક્ટરશ્રીએ દૂધ ડેરી ચેરમેન, સેક્રેટરી, શિક્ષકો, સરપંચશ્રીઓ સહિતના આગેવાનોને પોષણની આ જ્યોતને કાયમી જ્વલંત રાખવા અપીલ કરી હતી.

## SIR-2026ના અનુસંધાને ૪/૦૧/૨૦૨૬ ના રોજ મતદાર યાદી શુદ્ધિકરણ ખાસ ઝુંબેશનું આયોજન

**નડિયાદ, તા. 03**

SIR-૨૦૨૬, મતદાર યાદી શુદ્ધિકરણ ખાસ ઝુંબેશ અંતર્ગત તા. ૦૪/૦૧/૨૦૨૬, રવિવારના રોજ બી.એલ.ઓ. સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી પોતાના મતદાન મથક ઉપર હાજર રહેશે. જેથી મતદારો ફોર્મ નંબર ૬, ફોર્મ નંબર ૭ રજૂ કરી શકે અથવા કોઈ માહિતી મેળવી શકે છે. ગુજરાત આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પ્રાથમિક કસોટી તા.૦૪/૦૧/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૧૩.૦૦ કલાક સુધી ખેડા જિલ્લાના વિવિધ કેંદ્ર ખાતે યોજાનાર છે. જેથી તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ કેટલાક મતદાન મથકોના સ્થળ માટે વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં, જીવન વિકાસ હાઈસ્કુલ, ડીએસપી ઓફીસ, આશ્રમ રોડ ખાતેથી રેલવે સ્ટેશન રોડ પરની સરદાર પટેલ ભવન ગ્રાઉન્ડ ફ્લોર પર ત્રણ બુથ, શ્રી સરસ્વતી હીન્દી વિદ્યામંદિર, ભોજા તલાવડીની જગ્યાએ થી ન્યુ આંગણવાડી પરિવાર સોસાયટી, ભોજા તળાવ પાસે ૦૧ બુથ, જવાહર વિદ્યાલય, મંજીપુરા થી મદદનીશ નિયામક પશુપાલન ઓફીસ, જવાહર નગર ખાતે ૦૫ બુથ, ન્યુ ઈંગ્લીશ સ્કુલ, સેન્ટર એ. અને સેન્ટર બી. આર.ટી.પટેલ રોડ થી લિટલ કિંગ્ડમ સ્કુલ, ખોડીયાર ગરનાળા ખાતે ૦૩ બુથની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. આથી, ખેડા ૧૧૬-નડીઆદ વિધાનસભાના મતદારોને આ ખાસ ઝુંબેશનો લાભ લેવા તથા મતદાર યાદી શુદ્ધ કરવા માટે સહકાર આપવા ખેડા ૧૧૬-નડીઆદ વિધાનસભા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવે છે.

### જનસુવિધા, પર્યાવરણ જાળવણી અને આધુનિક શહેરી માળખા માટે મહત્વપૂર્ણ પગલું

## અમદાવાદ શહેરના શાહીબાગ વોર્ડમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે રૂ. 88 લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**અમદાવાદ, તા. 03**

અમદાવાદ શહેરના ઉત્તર ઝોનમાં આવેલ શાહીબાગ વોર્ડમાં જનસુખાકારી, શહેરી સુવિધાઓમાં વધારો તથા આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આજે અંદાજિત રૂ. ૮૮ લાખના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દરેક વોર્ડમાં નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શાહીબાગ વિસ્તારના વિકાસ માટે હાથ ધરવામાં આવેલા આ કાર્યો સ્થાનિક નાગરિકોના જીવનસ્તરને વધુ સુખાકારીપૂર્ણ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. વિકાસકાર્યોની શરૂઆત તરીકે શાહીબાગ ખાતે આવેલા સિનિયર સિટીઝન પાર્કના રીનોવેશન કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ રીનોવેશન બાદ વૃદ્ધ નાગરિકોને હરવા-ફરવા, આરામ કરવા તથા સામાજિક પ્રવૃત્તિઓ માટે વધુ સુવિધાસભર, સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, શાહીબાગ વોર્ડની નીલકંઠ પાર્ક-૨, પરમેશ્વર પાર્ક સોસાયટી, શ્રી ઉત્તર ગુજરાત વીર માયા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, ઉત્તર ગુજરાત સોસાયટી, વાસુદેવ નગર સોસાયટી તથા ગ્રીન સિટી ફ્લેટ સહિતની વિવિધ જગ્યાઓએ આર.સી.સી. રોડ, પથ્થર પેવિંગ અને પેવર બ્લોક જેવા આવશ્યક માળખાગત વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોથી વાહનવ્યવહાર સરળ બનશે તેમજ સ્થાનિક રહીશોને દૈનિક આવાગમનમાં સુવિધા મળશે. આ વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના હેતુસર પરકોલેટિંગ વેલના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પરિયોજનાથી વરસાદી પાણીના સંગ્રહ થકી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન મળશે. રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ તમામ વિકાસકાર્યો સમયમર્યાદામાં પૂર્ણ કરી સ્થાનિક નાગરિકોને સમર્પિત કરવાની ખાતરી આપતા જણાવ્યું હતું કે, સરકાર નાગરિકકેન્દ્રિત વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, શાહીબાગ વોર્ડની નીલકંઠ પાર્ક-૨, પરમેશ્વર પાર્ક સોસાયટી, શ્રી ઉત્તર ગુજરાત વીર માયા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, ઉત્તર ગુજરાત સોસાયટી, વાસુદેવ નગર સોસાયટી તથા ગ્રીન સિટી ફ્લેટ સહિતની વિવિધ જગ્યાઓએ આર.સી.સી. રોડ, પથ્થર પેવિંગ અને પેવર બ્લોક જેવા આવશ્યક માળખાગત વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોથી વાહનવ્યવહાર સરળ બનશે તેમજ સ્થાનિક રહીશોને દૈનિક આવાગમનમાં સુવિધા મળશે. આ વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના હેતુસર પરકોલેટિંગ વેલના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પરિયોજનાથી વરસાદી પાણીના સંગ્રહ થકી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન મળશે. રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ તમામ વિકાસકાર્યો સમયમર્યાદામાં પૂર્ણ કરી સ્થાનિક નાગરિકોને સમર્પિત કરવાની ખાતરી આપતા જણાવ્યું હતું કે, સરકાર નાગરિકકેન્દ્રિત વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### - ૩૪૪ નોકરી દાતાઓની ૧૩,૦૦૦ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયામાં ૧૦,૦૦૦ રોજગાર વાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા

# કૌશલ્યને મળ્યું યોગ્ય મંચ: મદદનીશ રોજગાર નિયામક કચેરીની વિવિધ રોજગારલક્ષી પહેલથી યુવા શક્તિ બની સશક્ત

### કરિયર કાઉન્સેલિંગ, રોજગાર મેળાઓ, વિદેશ રોજગાર સેન્ટર સહિતના પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો અમારો હેતુ :- શ્રી મોનિશા સાહની, મદદનીશ નિયામક - રોજગાર, અમદાવાદ

**અમદાવાદ, તા. 03**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ નિયામક રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા સંચાલિત મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ દ્વારા આયોજિત રોજગાર ભરતી મેળાઓ આજે માત્ર નોકરી મેળવવાનું કેન્દ્ર નહીં, પરંતુ યુવાનો માટે આત્મવિશ્વાસનું પ્રતીક બન્યા છે. શાહીબાગ સ્થિત અસારવા બહુમાળી ભવન ખાતે સ્થિત આ કચેરી રોજગાર મેળાઓ સહિત અનેકવિધ પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવા સતત પ્રયાસરત રહે છે. મોડલ કરિયર સેન્ટર તરીકે પણ ઓળખાતી આ કચેરી અમદાવાદ જિલ્લાના રોજગાર વાંચ્છુ યુવાનોને રોજગારને લગતી અગત્યની સેવાઓ પૂરી પાડે છે. મદદનીશ રોજગાર નિયામક કચેરી, અમદાવાદ દ્વારા

- વર્ષ ૨૦૨૫માં કુલ ૪૯ રોજગાર ભરતી મેળાઓ યોજાયા હતા, - જેમાં ૩૪૪ નોકરી દાતાઓની ૧૩,૦૦૦ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયામાં ૧૦,૦૦૦ રોજગાર વાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા,
- ૭૯૬૪ ઉમેદવારોએ પ્રાથમિક પસંદગી મેળવી હતી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ દ્વારા આયોજિત રોજગાર ભરતી મેળાઓ થકી વિવિધ યુવાનોએ રોજગારી પ્રાપ્ત કરી છે. આવા જ કેટલાક ઉમેદવારોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. સફળતાની સફર: ઉમેદવારોના શબ્દોમાં

૧. યુવરાજસિંહ કુશવાહ (સેલ્સ એક્ઝિક્યુટિવ, એક્સીસ બેંક):

'મેં બી.બી.એ. પાસ કર્યા પછી પ્રાઈવેટ સેક્ટરમાં ઘણી જગ્યાએ પ્રયત્ન કર્યો હતો, પણ યોગ્ય પ્રતિસાદ મળતો નહોતો. નવેમ્બર માસના રોજગાર મેળામાં એક્સીસ બેંકમાં મારું સિલેક્શન થયું અને ૧૨ ડિસેમ્બરથી મેં જોબ શરૂ કરી દીધી છે. હવે હું મારા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકું છું તેનો મને ગર્વ છે. રોજગાર કચેરીની આ પહેલ ખરેખર પ્રશંસનીય છે.'

૨. શ્રદ્ધા બાવજીભાઈ ચૌહાણ (સાગા લાઈફ સાયન્સ):

'એમ.એ. પૂરું કર્યા પછી હું યોગ્ય નોકરીની શોધમાં હતી. ૨૦ ડિસેમ્બરના રોજ જ્યારે હું રોજગાર મેળામાં આવી, ત્યારે મારો આત્મવિશ્વાસ થોડો ઓછો હતો, પણ અધિકારીઓના માર્ગદર્શનથી મેં ઈન્ટરવ્યુ આપ્યો. આજે હું સાગા લાઈફ સાયન્સમાં ૧૫,૦૦૦ ના પગાર સાથે નોકરી કરી રહી છું. મારા જેવી અનેક યુવતીઓ માટે આ મેળો આશીર્વાદ સમાન સાબિત થયો છે.'

૩. વિનય ચંદ્રકાન્ત ગુરનાની (એક્સિસ બેન્ક):

'એમ.બી.એ. થયા પછી મને એક પ્રોફેશનલ પ્લેટફોર્મની જરૂર હતી. શાહીબાગ ખાતેના મેળામાં મને એક્સીસ બેંકમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકેની તક મળી. આજે હું પ્રતિષ્ઠિત બેંકમાં કામ કરીને મારી કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છું. હું અન્ય યુવાનોને પણ કહીશ કે રોજગાર કચેરીમાં નોંધણી કરાવો અને તમારી પ્રગતિના દ્વાર ખોલો.'

ભરતી મેળાના ઉદ્દેશ્ય વિશે વાત કરતા મદદનીશ રોજગાર નિયામક (અમદાવાદ), શ્રી મોનીશા સાહનીએ જણાવ્યું હતું કે અમારો હેતુ યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. અમદાવાદના શિક્ષિત યુવાનોને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા અમે વિવિધ કાર્યક્રમો યોજીએ છીએ. રોજગાર ભરતી મેળાઓના આયોજન દ્વારા અમે પ્રતિષ્ઠિત કંપનીઓને એક જ છત નીચે લાવીએ છીએ, જેથી ઉમેદવારોને તેમની લાયકાત મુજબ સીધી નોકરી મળી શકે. રોજગાર મેળાઓ, કરિયર કાઉન્સેલિંગ, વિદેશ રોજગાર સેન્ટર સહિતના પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો અમારો લક્ષ્યાંક છે. અમે ઈચ્છીએ છીએ કે વધુમાં વધુ યુવાનો આ પ્લેટફોર્મનો લાભ લે અને આત્મનિર્ભર બને.'

ભરતી મેળામાં ઉપસ્થિત કંપનીના પ્રતિનિધિઓનો અભિપ્રાય: - ભરતી મેળામાં ઉપસ્થિત સાગા લાઈફ સાયન્સના એચ.આર. પ્રતિનિધિએ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે, 'અમારી કંપનીને ફાર્મા ક્ષેત્ર માટે કુશળ ઉમેદવારોની જરૂર હતી અને રોજગાર કચેરીના માધ્યમથી અમને ખૂબ જ શ્રેષ્ઠ ટેલેન્ટ મળી છે. અહીં આવતા ઉમેદવારોમાં કામ કરવાની ધગશ અને શિસ્ત જોવા મળે છે. રોજગાર કચેરી દ્વારા જે પ્રકારે સુંદર આયોજન કરવામાં આવે છે તેનાથી અમારો રિક્રૂટમેન્ટ પ્રોસેસ ખૂબ જ સરળ બની જાય છે. અમે ભવિષ્યમાં પણ આવા મેળા દ્વારા વધુ યુવાનોને અમારી કંપનીમાં જોડાવા માટે ઉત્સુક છીએ.'- ભરતી મેળામાં ઉપસ્થિત એક્સિસ બેંકના રિક્રૂટમેન્ટ એજન્સીના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ દ્વારા યોજાતા રોજગાર ભરતી મેળાઓમાં અમે છેલ્લાં ચાર વર્ષથી નિયમિત રીતે ભાગ લઈએ છીએ. આજના યુથ માટે આ સૌથી બેસ્ટ ઓપોર્ચ્યુનિટી કહી શકાય, કારણ કે તેમને એક જ જગ્યાએ અનેકવિધ ક્ષેત્રોના નોકરીદાતાઓ મળી રહે છે. અલગ અલગ ક્ષેત્રની સંસ્થાઓ ને પણ એક જ જગ્યાએથી પોતાની જરૂરિયાત અનુસાર ટેલેન્ટ મળી રહે છે અને તેઓ બલ્ક હાયરિંગ કરી શકે છે. મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ રોજગારલક્ષી સેવાઓ - કરિયર કાઉન્સેલિંગ સેવા અંતર્ગત અભ્યાસ કરી રહેલા ઉમેદવારોને તેમની સ્કીલ, રુચિ, પારિવારિક સ્થિતિ અને લાયકાતને અનુસાર કરિયર પાથ સિલેક્ટ કરવા માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. જિલ્લામાં ઉપલબ્ધ તાલીમી વ્યવસ્થાઓ વિશે પણ ઉમેદવારોને માહિતગાર કરવામાં આવે છે. જિલ્લાની ભૌગોલિક અને ઔદ્યોગિક સ્થિતિ અનુસાર કયા ટ્રેડમાં ઉમેદવારો માટે વધુ યોગ્ય તકો ઉપલબ્ધ છે એ અંગે પણ કચેરી દ્વારા યુવાઓને માર્ગદર્શિત કરવામાં આવે છે. - મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ ખાતે કાર્યરત વિદેશ રોજગાર સેન્ટર દ્વારા અન્ય દેશોમાં ઉપલબ્ધ શૈક્ષણિક સવલતો, અન્ય દેશોમાં રોજગારી મેળવવા કઈ રીતે એપ્લાય કરી શકાય, વિઝા એપ્લિકેશન કેવી રીતે કરી શકાય, કયા પ્રકારની પરીક્ષાઓ પાસ કરવી જોઈએ એ પ્રકારની માહિતી અને જરૂરી માર્ગદર્શન પણ ઉમેદવારોને આપવામાં આવે છે. - રાજ્યના મહત્તમ ઉમેદવારોને લશ્કરમાં જોડાવાની તકો ઉપલબ્ધ બનાવવાના હેતુસર સમયાંતરે યોજાતા લશ્કરી ભરતી મેળામાં પણ રોજગાર કચેરી સંકલન અને પ્રચાર પ્રસારની કામગીરી કરે છે. નિવાસી તાલીમ યોજના અંતર્ગત લેખિત પરીક્ષા અને શારીરિક કસોટી માટે રહેવા જમવાની સુવિધા સાથે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ પણ ઉમેદવારોને આપવામાં આવે છે.મદદનીશ નિયામક રોજગારની કચેરી,અમદાવાદ દ્વારા લેવામાં આવેલું આ પગલું 'કૌશલ્યથી રોજગારી' ના મંત્રને સાર્થક કરી રહ્યું છે. જ્યાં એક તરફ કંપનીઓને લાયક કર્મચારીઓ મળી રહ્યા છે, તો બીજી તરફ યુવાનોને ઘર આંગણે રોજગારીની તકો સાંપડી રહી છે. અનેકવિધ પ્રકલ્પો સાથે શિક્ષિત યુવાનોને આર્થિક આઝાદીના પંથે અગ્રેસર કરવાની રોજગાર નિયામક કચેરીની આ પહેલ આવકારદાયક છે.



## શાહરુખની ટીમે બાંગ્લાદેશી પ્લેયરને ટીમમાંથી કાઢ્યો

# BCCIના આદેશના થોડા કલાકમાં જ મુસ્તફિઝુર KKRમાંથી રિલીઝ, બાંગ્લાદેશમાં 3 હિંદુની હત્યા બાદ દેશભરમાં વિરોધ થયો

**મુંબઈ, તા. 03**

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી બહાર કરી દીધો છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ સામે હિંસા વચ્ચે, તેને ટીમમાંથી દૂર કરવાની માંગ કરવામાં આવી રહી હતી. ત્યારબાદ, BCCIએ શાહરૂખ ખાનની IPL ટીમ KKRને મુસ્તફિઝુર રહેમાનને દૂર કરવાનો નિર્દેશ આપ્યો, જેના પગલે થોડા જ કલાકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. KKRએ ટ્વિટ કર્યું, 'BCCIના નિર્દેશ પછી, બધી જરૂરી પ્રક્રિયાઓ અને પરસ્પર પરામર્શ પછી, મુસ્તફિઝુરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. IPL નિયમો અનુસાર, BCCIએ KKRને રિપ્લેસમેન્ટ ખેલાડી મેળવવાની મંજૂરી આપી છે. આ અંગે વધુ વિગતો યોગ્ય સમયે શેર કરવામાં આવશે.' બાંગ્લાદેશમાં હિંદુઓ સાથે થઈ રહેલી હિંસા વચ્ચે રહેમાનના IPLમાં રમવાનો વિરોધ થઈ રહ્યો છે. ત્યાં છેલ્લા 14 દિવસમાં 3 હિંદુની હત્યા કરવામાં આવી છે. IPL 2026ની શરૂઆત 26 માર્ચથી થશે, જ્યારે લીગનો ફાઈનલ મેચ 31 મેના રોજ રમાશે.

રહેમાનના વિરોધમાં કોણે શું કહ્યું?

1. નિરુપમ બોલ્યા- શાહરુખ પોતાની ટીમમાંથી રહેમાનને બહાર કરે

શિવસેનાનેતા સંજય નિરુપમે KKRના માલિક શાહરુખ ખાનને બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી હટાવવા અપીલ કરી છે. નિરુપમે કહ્યું- 'જ્યારે આખો દેશ બાંગ્લાદેશને લઈને ગુસ્સા અને નારાજગીમાં છે. અમે તેમને વિનંતી કરીએ છીએ કે તેઓ તે બાંગ્લાદેશી ખેલાડીને ટીમમાંથી હટાવી દે.' તો બીજી તરફ, શિવસેના (યુબીટી)ના પ્રવક્તા આનંદ દુબેએ કહ્યું- બાંગ્લાદેશી ખેલાડીઓને IPLમાં ભારતીય ધરતી પર રમવાની મંજૂરી ન આપવી જોઈએ.

2. દેવકીનંદન બોલ્યા- શાહરુખ માફી માગે, 9.2 કરોડ પીડિત પરિવારોને આપે

કથાવાચક દેવકીનંદન ઠાકુરે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં હિંદુઓની નિર્દયતાથી હત્યા કરવામાં આવી રહી છે, તેમનાં ઘરો સળગાવવામાં આવી રહ્યાં છે અને તેમની બહેનો અને દીકરીઓ પર બળાત્કાર કરવામાં આવી રહ્યો છે. આવી નિર્દય હત્યાઓ જોયા પછી કોઈ આટલું પથ્થર દિલ કેવી રીતે હોઈ શકે, ખાસ કરીને તે જે પોતાને એક ટીમનો માલિક કહે છે? તે આટલો ક્રૂર કેવી રીતે હોઈ શકે કે એ જ દેશના ક્રિકેટરને પોતાની ટીમમાં સામેલ કરે? તમે આ દેશનું દેવું કેવી રીતે ચૂકવશો? એક બાંગ્લાદેશી ક્રિકેટરને લાવીને અને તેને આપણી જમીન પર રમાડીને? અમે KKR મેનેજમેન્ટ અને તેમના બોસને કહીશું, આ વાત સમજો અને તે ક્રિકેટરને ટીમમાંથી કાઢી નાખો. માફી અને પસ્તાવા રૂપે 9.2 કરોડ રૂપિયા જે-તે ક્રિકેટરને આપવામાં આવી રહ્યા છે એ ત્યાં માર્યા ગયેલા હિંદુ બાળકોના પરિવારોને આપવા જોઈએ.

3. ભાજપનેતા સંગીત સોમ બોલ્યા- શાહરુખ ક્યારેક પાકિસ્તાનનું સમર્થન કરે છે તો ક્યારેક બાંગ્લાદેશનું

ભાજપનેતા સંગીત સોમે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં હિંદુઓને પસંદ કરી કરીને મારવામાં આવી રહ્યા છે. આવા સમયે ત્યાંના ખેલાડીઓને ખરીદવા, આ તો દેશ સાથે ગદ્દારી થઈ ને. શાહરુખ ખાન જેવા લોકો ગદ્દાર છે. તેઓ ક્યારેક પાકિસ્તાનનું સમર્થન કરે છે તો ક્યારેક બાંગ્લાદેશનું. તેઓ દરેક એ દેશનું સમર્થન કરે છે જે હિંદુઓ પર અત્યાચાર કરે છે. જ્યારે આ ગદ્દાર લોકો નથી જાણતા કે તમને સુપરસ્ટાર ભારતના લોકોએ બનાવ્યા છે. એક દિવસ પહેલાં બુધવારે સોમે કહ્યું હતું કે જ્યારે પાકિસ્તાનનો કોઈ ખેલાડી ભારતમાં રમવા ન આવી શકે તો બાંગ્લાદેશનો ખેલાડી ભારતમાં કેવી રીતે રમવા આવશે. આ બિલકુલ ચાલશે નહીં. અમે રમવા નહીં દઈએ.

KKRએ રહેમાનને 9.2 કરોડ રૂપિયામાં ખરીદ્યો

રહેમાનને શાહરુખની ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ ગયા મહિને અબુધાબીમાં થયેલા IPL મિની ઓક્શનમાં 9.2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે IPLમાં બાંગ્લાદેશનો અત્યારસુધીનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. ગઈ સિઝનમાં રહેમાન 3 મેચ રમ્યો, 4 વિકેટ ઝડપી રહેમાને ગઈ સિઝનમાં દિલ્હી તરફથી 3 મેચ રમ્યો હતો અને 4 વિકેટ લીધી હતી. તેને દિલ્હીએ 6 કરોડ રૂપિયામાં મિચેલ સ્ટાર્કની જગ્યાએ પોતાની સાથે જોડ્યો હતો. સ્ટાર્કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલની તૈયારીઓ માટે છેલ્લી લીગ મેચ રમ્યો ન હતો. મુસ્તફિઝુર રહેમાન ડાબા હાથનો ઝડપી બોલર છે અને તે કટર્સ અને સ્લોઅર બોલ માટે જાણીતો છે. તેનો જન્મ 6 સપ્ટેમ્બર 1995ના રોજ બાંગ્લાદેશના સાતારખિરામાં થયો હતો. રહેમાને 2015માં ભારત સામેની વન-ડે શ્રેણીથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે તે જ શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લીધી હતી. ત્યાર બાદ તે બાંગ્લાદેશ માટે ત્રણેય ફોર્મેટમાં ક્રિકેટ રમ્યો. મુસ્તફિઝુર IPL, BPL અને અન્ય વિદેશી T20 લીગમાં રમે છે. રહેમાને ઘણી વખત ઈજામાંથી વાપસી કરી. તે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં બાંગ્લાદેશની બોલિંગ યુનિટનો મહત્ત્વનો ભાગ છે. તેની સચોટ યોર્કર અને ડેથ ઓવર્સમાં કરકસરભરી બોલિંગ ટીમનો ખાસ હથિયાર માનવામાં આવે છે.

# શું પંતની જગ્યાએ ઈશાનને તક મળશે : વિરાટ-રોહિતની જગ્યા ફાઈનલ




**મુંબઈ, તા. 03**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) આજે ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી શકે છે. પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા સામે અને વિરાટ કોહલી સાઉથ આફ્રિકા સામે પ્લેયર ઓફ ધ સિરીઝ હતા. આ બંને દિગ્ગજોની પસંદગી નિશ્ચિત છે. કેએલ રાહુલ ટીમના મુખ્ય વિકેટકીપર હશે, તે પણ નક્કી છે, જોકે એ જોવું રસપ્રદ રહેશે કે બીજા વિકેટકીપર તરીકે ઋષભ પંતની પસંદગી થાય છે કે ઈશાન કિશન જગ્યા બનાવવામાં સફળ થાય છે. વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને આરામ આપવામાં આવી શકે છે. આવા સંજોગોમાં ઝડપી બોલર મોહમ્મદ સિરાજની વાપસી શક્ય છે. ત્રણ મેચની આ વન-ડે સિરીઝનો પ્રથમ મુકાબલો 11 જાન્યુઆરીએ વડોદરામાં રમાશે.

ઈશાનને તક મળી શકે છે

ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શનના આધારે ટી-20 વર્લ્ડ કપ ટીમમાં સ્થાન બનાવનાર ઈશાન કિશનને આ વખતે બેવડી ભૂમિકા મળી શકે છે. તે બેકઅપ વિકેટકીપરની સાથે-સાથે બેકઅપ ઓપનર તરીકે પણ ટીમ મેનેજમેન્ટની પસંદ બની શકે છે. જરૂર પડ્યે ઈશાન મિડલ ઓર્ડરમાં પણ બેટિંગ કરી શકે છે, જેનાથી તે વિકેટકીપર-બેટર કેએલ રાહુલ માટે એક મજબૂત બેકઅપ વિકલ્પ સાબિત થાય છે. બીજી તરફ, ઋષભ પંત માટે વન-ડે ટીમમાં સ્થાન જાળવી રાખવું મુશ્કેલ લાગી રહ્યું છે. પંતે તેની છેલ્લી વન-ડે મેચ 2024માં શ્રીલંકા સામે રમી હતી અને ત્યારથી તે સતત ટીમમાંથી અંદર-બહાર થતો રહ્યો છે, જોકે પંતને X ફેક્ટર લાવનાર ખેલાડી માનવામાં આવે છે. જો કોચ અને કેપ્ટનનો ટેકો મળે તો પંત સ્થાન બચાવી પણ શકે છે, જોકે તેની શક્યતા હાલ ઓછી દેખાઈ રહી છે.

કોમ્બિનેશનના કારણે યશસ્વી બહાર થઈ શકે છે

પ્લેઈંગ-11 કોમ્બિનેશનના કારણે યશસ્વી જયસ્વાલને બહાર બેસવું પડી શકે છે. શુભમન ગિલની વાપસી સાથે જ ટીમ ઈન્ડિયાનું ટોપ-3 લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં સાઉથ આફ્રિકા સામે રોહિત શર્મા સાથે ઓપનિંગ કરનાર લેફ્ટ-હેન્ડર બેટર યશસ્વી જયસ્વાલ માટે પ્લેઈંગ-11માં સ્થાન બનાવવું મુશ્કેલ બની શકે છે. જો ટીમ મેનેજમેન્ટ બેલેન્સ અને કોમ્બિનેશનને પ્રાથમિકતા આપે છે, તો યશસ્વીને માત્ર અંતિમ અગિયારમાંથી જ નહીં, પરંતુ આખી સ્ક્વોડમાંથી પણ બહાર રાખી શકાય છે.

શમી-સિરાજની વાપસી

ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટીમ ઈન્ડિયાનો ભાગ હતો, પરંતુ સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં તેને બહાર કરી દેવામાં આવ્યો હતો.

### એક ઓવરમાં 1 ચોગ્ગો ને 5 છગ્ગા ફટકાર્યા; પડિક્કલની ચોથી સદી; અર્શદીપને 5 વિકેટ, ટીમ 7મી ઓવરમાં જીતી

# વિજય હઝારે ટ્રોફી : પંડ્યાની 69 બોલમાં સદી

**વિજય હજારે ટ્રોફીના રાઉન્ડ 5ની મેચો આજે રમાઈ રહી છે. આ રાઉન્ડમાં 38 ટીમો 19 મેચોમાં અલગ-અલગ મેદાનો પર આમને-સામને છે.**

**મુંબઈ, તા. 03**

બરોડા તરફથી હાર્દિક પંડ્યાએ માત્ર 69 બોલમાં સદી ફટકારી, તેણે 133 રનની ઈનિંગ રમી. આ દરમિયાન, દેવદત્ત પડિક્કલે કર્ણાટક માટે પાંચ મેચમાં તેની ચોથી સદી ફટકારીને શાનદાર ફોર્મ જાળવી રાખ્યું. બોલિંગમાં, અર્શદીપ સિંહે પાંચ વિકેટ લીધી અને પોતાની ટીમને જીત અપાવી. સેમસનની સદી, કેરળ જીતની નજીક કેરળના સંજુ સેમસને 93 બોલમાં સદી ફટકારી. ઝારખંડ સામે 312 રનના લક્ષ્યનો પીછો કરતા, કેરળે મેચને એકતરફી બનાવી દીધી, 32 ઓવરમાં 1 વિકેટે 244 રન બનાવ્યા. સેમસને કેપ્ટન રોહન કુન્નુમલ સાથે 212 રનની ઓપનિંગ ભાગીદારી કરી. રોહન 78 બોલમાં 124 રન બનાવીને આઉટ થયો. સંજુ સેમસને 95 બોલમાં 109 રન બનાવ્યા. રાજસ્થાનના 225 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, તમિલનાડુ 150/3 પર સંપૂર્ણ નિયંત્રણમાં દેખાતું હતું. પરંતુ પ્રદોષ રંજન પોલના આઉટ થતાં મેચ નાટકીય રીતે બદલાઈ ગઈ. તે જ ઓવરમાં, રાજસ્થાનના કેપ્ટન માનવ સુથારે મોહમ્મદ અલી અને સાઈ કિશોરને આઉટ કર્યા, જેનાથી તમિલનાડુ બેકફૂટ પર આવી ગયું. તમિલનાડુનો સ્કોર હાલમાં 190/8 છે. વોશિંગ્ટન સુંદર બેટિંગ કરી રહ્યો છે.દિલ્હીની સિઝનમાં ચોથી જીત, દિલ્હીએ ચાલુ સિઝનનો ચોથો વિજય મેળવ્યો. શનિવારે એલીટ ગ્રુપ ડી મેચમાં ટીમે સર્વિસિસને 8 વિકેટથી હરાવ્યું. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા સર્વિસિસ 42.5 ઓવરમાં 178 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. દિલ્હીએ 19.4 ઓવરમાં બે વિકેટે 179 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. ગુજરાતના 319 રનના લક્ષ્યાંકના જવાબમાં આંધ્રપ્રદેશે મજબૂત શરૂઆત કરી, ગુજરાતના 319 રનના લક્ષ્યાંકના જવાબમાં આંધ્રપ્રદેશે 13 ઓવરમાં કોઈ નુકસાન વિના 71 રન બનાવ્યા. ટીમે મજબૂત શરૂઆત કરી. ફૂડ પોઈઝનિંગને કારણે ગિલ બહાર, શુભમન ગિલ ફૂડ પોઈઝનિંગને કારણે બીમાર પડ્યો છે. ભારતના વનડે કેપ્ટન ગિલ આજે સિક્કિમ સામે વિજય હજારે ટ્રોફીની પોતાની પહેલી મેચ રમવાની હતી.



# સાઉથની ડિયર કોમરેડની રીમેકમાં સિદ્ધાંત સાથે પ્રતિભા રાન્ટાની જોડી



**મુંબઈ, તા. 03**

૨૦૧૯ની તેલુગુ ફિલ્મ 'ડિયર કોમરેડ'ની હિંદી રીમેકની તૈયારી થઇ ચુકી છે.મૂળ ફિલ્મમાં વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાની જોડી જોવા મળી હતી. પરંતુ હિંદી રીમેકમાં સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાંટાની જોડીને ફાઇનલ કરવામાં આવી છે. જોકે સત્તાવાર રીતે ઘોષણા કરવામાં આવી નથી. ધર્મા પ્રોડકશને આ સાઉથની ફિલ્મના હિંદી રીમેક માટે હક્ક ખરીદી લીધા હતા. કરણ જોહર લાંબા સમયથી આ ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યો હતો. પરંતુ ફિલ્મના મુખ્ય કલાકારોને ફાઇનલ કરવામાં થોડો સમય પસાર થઇ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, 'ધડક ટુ'માં સિદ્ધાંત ચતુર્વેદીના અભિનયને વખાણવામાં આવ્યો હતો. તેમજ પ્રતિભા રાંટાની અન્ય એક ફિલ્મ સાથે ધર્મા પ્રોડકશનની વાતચીત ચાલી રહી હતી. તેવામાં ફિલ્મસર્જકને તે 'ડિયર કોમરેડ'ની ભૂમિકા માટે વધુ યોગ્ય લાગી હતી. ફિલ્મસર્જક આ ફિલ્મના ઓરિજિનલ હાર્દને જાળવી રાખશે પરંતુ પૈન ઈન્ડિયા ઓડિયન્સને ધ્યાનમાં રાખીને ફિલ્મ બનાવવામાં આવશે.પહેલા એવી ચર્ચા હતી કે સાઉથની ફિલ્મના મૂળ કલાકારો વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના હિંદી રીમેકમાં પણ કામ કરશે. ૨૦૧૯ની તેલુગુ ફિલ્મ 'ડિયર કોમરેડ'ની હિંદી રીમેકની તૈયારી થઇ ચુકી છે.મૂળ ફિલ્મમાં વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાની જોડી જોવા મળી હતી. પરંતુ હિંદી રીમેકમાં સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાંટાની જોડીને ફાઇનલ કરવામાં આવી છે. જોકે સત્તાવાર રીતે ઘોષણા કરવામાં આવી નથી. ધર્મા પ્રોડકશને આ સાઉથની ફિલ્મના હિંદી રીમેક માટે હક્ક ખરીદી લીધા હતા. કરણ જોહર લાંબા સમયથી આ ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યો હતો. પરંતુ ફિલ્મના મુખ્ય કલાકારોને ફાઇનલ કરવામાં થોડો સમય પસાર થઇ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, 'ધડક ટુ'માં સિદ્ધાંત ચતુર્વેદીના અભિનયને વખાણવામાં આવ્યો હતો. તેમજ પ્રતિભા રાંટાની અન્ય એક ફિલ્મ સાથે ધર્મા પ્રોડકશનની વાતચીત ચાલી રહી હતી. તેવામાં ફિલ્મસર્જકને તે 'ડિયર કોમરેડ'ની ભૂમિકા માટે વધુ યોગ્ય લાગી હતી. ફિલ્મસર્જક આ ફિલ્મના ઓરિજિનલ હાર્દને જાળવી રાખશે પરંતુ પૈન ઈન્ડિયા ઓડિયન્સને ધ્યાનમાં રાખીને ફિલ્મ બનાવવામાં આવશે.પહેલા એવી ચર્ચા હતી કે સાઉથની ફિલ્મના મૂળ કલાકારો વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના હિંદી રીમેકમાં પણ કામ કરશે.

# 'ટોક્સિક' માં તારા સુતારિયાનો ફર્સ્ટ લુક સામે આવ્યો, ચાહકોએ કહ્યું - 'ખરેખર બોસ ક્વિન..'



**મુંબઈ, તા. 03**

સાઉથ સુપર સ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક'ની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ આ વર્ષે જ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મથી ધીમે-ધીમે સ્ટારકાસ્ટના લુક સામે આવી રહ્યા છે. યશ, નયનતારા, હુમા કુરેશી અને કિયારા અડવાણી બાદ હવે તારા સુતારિયાનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. તારાનો આ લુક જોઈને દરેક લોકો ઈમ્પ્રેસ થઈ રહ્યા છે. તારાના લુકની સાથે તેના કેરેક્ટર વિશે પણ જણાવવામાં આવ્યું છે. યશે સોશિયલ મીડિયા પર તારાનો લુક શેર કર્યો છે, જેમાં તે હાથમાં ગન પકડીને ગુસ્સામાં દેખાઈ રહી છે. તેનો આ લુક એકદમ બોલ્ડ છે. આ લુક જોઈને બધા ઈમ્પ્રેસ થઈ રહ્યા છે. તારાના લુકની ખૂબ પ્રશંસા થઈ રહી છે. યશે તારાનું લુક પોસ્ટર શેર કરતા લખ્યું કે, Introducing Tara Sutaria as REBECCA in - A Toxic Fairy Tale For Grown-Ups.' ચાહકો તારાના આ પોસ્ટર પર ખૂબ કોમેન્ટ કરી રહ્યા છે. એક ચાહકે લખ્યું- 'બોસ ક્વિન.' બીજાએ લખ્યું- 'ફાયર હૈ ફાયર.' અન્ય એક ચાહકે લખ્યું- 'ફાઈનલી જેના લુકની રાહ જોવાઈ રહી હતી તે રિલીઝ થઈ ગયો.' તમને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા જ નયનતારા, હુમા કુરેશી અને કિયારા અડવાણીનો લુક શેર કરવામાં આવ્યો હતો. ખાસ વાત એ છે કે દરેકનો લુક બાકીના કરતા બિલકુલ હટકે છે. જેના કારણે ચાહકો ખૂબ એક્સાઈટેડ છે. હવે ચાહકો ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# 'ઓહ માય ગોડ 3'માં રાની મુખર્જીની એન્ટ્રી!

### પહેલીવાર અક્ષય કુમાર સાથે કામ કરશે એક્ટ્રેસ; હાલમાં ફિલ્મ પ્રી-પ્રોડક્શન હેઠળ

**મુંબઈ, તા. 03**

બોલિવૂડ એક્ટ્રેસ રાની મુખર્જી અક્ષય કુમાર સાથે પહેલીવાર કોઈ ફિલ્મમાં કામ કરશે. એક્ટ્રેસ ફિલ્મ 'ઓહ માય ગોડ' (OMG) ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગમાં જોડાય તેવી ચર્ચા છે. 'ઓહ માય ગોડ 3' હાલમાં પ્રી-પ્રોડક્શનમાં છે. મેકર્સ 2026ના મધ્યમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. ફિલ્મના ત્રીજા ભાગનું ડિરેક્શન ડિરેક્ટર અમિત રાય કરશે. તેમણે આ પહેલા ફ્રેન્ચાઈઝીના બીજા ભાગનું નિર્દેશન કર્યું હતું. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ પિંકવિલાને જણાવ્યું, 'આ તાજેતરના સમયની સૌથી મોટી કાસ્ટિંગમાંથી એક માનવામાં આવે છે. ઓહ માય ગોડ અક્ષય કુમારની સૌથી લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાંથી એક છે. રાની મુખર્જીના જોડાવાથી ફિલ્મનું કદ વધુ મોટું થઈ ગયું છે. તેની હાજરી વાર્તાને નવો અને મજબૂત આકાર આપશે.' 'રાનીના જોડાવાથી ફિલ્મનું કદ વધ્યું છે' નોંધનીય છે કે OMG સિરીઝ સામાજિક મુદ્દાઓને મનોરંજન સાથે દર્શાવવા માટે જાણીતી છે. સૂત્રો અનુસાર, આ વખતે મેકર્સ વાર્તાને વધુ મોટા સ્તરે લઈ જવા માંગે છે. તેમણે કહ્યું, 'અમિત રાયે આ વખતે પહેલા કરતાં વધુ અસરકારક અને આજના સમય સાથે જોડાયેલી વાર્તા તૈયાર કરી છે. અક્ષય કુમારનું પણ માનવું છે કે ત્રીજો ભાગ દરેક બાબતમાં મોટો હોવો જોઈએ. તેમાં વાર્તા, ભાવનાઓ અને પર્ફોર્મન્સ બધું જ સામેલ છે. રાનીના આવવાથી ફિલ્મ વધુ મજબૂત બની છે.' 2012માં રિલીઝ થઈ હતી 'ઓહ માય ગોડ' નોંધનીય છે કે, 'ઓહ માય ગોડ' વર્ષ 2012માં રિલીઝ થઈ હતી. તેમાં પરેશ રાવલ અને અક્ષય કુમાર હતા. ફિલ્મનું નિર્દેશન ઉમેશ શુક્લાએ કર્યું હતું. જ્યારે 'ઓહ માય ગોડ 2' વર્ષ 2023માં રિલીઝ થઈ હતી. તેમાં પંકજ ત્રિપાઠી, અક્ષય કુમાર અને યામી ગૌતમ હતાં. તેના ડિરેક્ટર અમિત રાય હતા.



### હવે બેંકો જાતે જ વાહન પોર્ટલ પરથી ડેટા વેરિફાય કરશે, જાણો NHAIની નવી ગાઈડલાઈન

# FASTag યુઝર્સ માટે ખુશખબર, 1 ફેબ્રુઆરીથી KYV પ્રક્રિયાની ઝંઝટ ખતમ

## પહેલાંથી ફાસ્ટેગ લગાવેલા કાર માલિકોએ રૂટિન KYV કરાવવું નહીં પડે

**નવી દિલ્હી, તા. 03**

1 ફેબ્રુઆરી 2026થી નવી કાર, જીપ અને વાન માટે ફાસ્ટેગ જારી કરતી વખતે હવે KYV (નો યોર વ્હીકલ) પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ નવી કાર માટે KYV પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

પહેલાંથી ફાસ્ટેગ લગાવેલા કાર માલિકોએ રૂટિન KYV કરાવવું નહીં પડે

સાથે જ જે કાર પર પહેલાથી ફાસ્ટેગ લાગેલું છે, કાર માલિકોને પણ હવે રૂટિન KYV કરાવવાની જરૂર રહેશે નહીં. આનાથી વાહન માલિકોને માન્ય દસ્તાવેજો હોવા છતાં લાંબી વેરિફિકેશન પ્રક્રિયા માટે રાહ જોવી પડશે નહીં. સાથે જ જે કાર પર પહેલાથી ફાસ્ટેગ લાગેલું છે, કાર માલિકોને પણ હવે રૂટિન KYV કરાવવાની જરૂર રહેશે નહીં. આનાથી વાહન માલિકોને માન્ય દસ્તાવેજો હોવા છતાં લાંબી વેરિફિકેશન પ્રક્રિયા માટે રાહ જોવી પડશે નહીં. સ સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય ફાસ્ટેગ એક્ટિવ થયા પછી થતી પરેશાનીને સમાપ્ત કરવાનો છે. પહેલા યુઝર્સને અવારનવાર ફરિયાદ રહેતી હતી કે ટેગ એક્ટિવ થયા પછી પણ બેંક કે ઓથોરિટી દ્વારા વેરિફિકેશનના નામે વિલંબ કરવામાં આવે છે. નવી ગાઈડલાઈન પછી હવે ફાસ્ટેગને વારંવાર અપડેટ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે.

ફક્ત ફરિયાદ મળવા પર જ તપાસ થશે

ઓથોરિટી અનુસાર KYVની પ્રક્રિયાને સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવી નથી, પરંતુ તેને 'જરૂરિયાત આધારિત' બનાવી દેવામાં આવી છે. હવે ફક્ત KYV ત્યારે જ માંગવામાં આવશે, જ્યારે કોઈ ફાસ્ટેગના ખોટા ઉપયોગ, ખોટી રીતે જારી થવા અથવા તેના ગુમ થવાની કોઈ ફરિયાદ મળશે. સામાન્ય રીતે કામ કરી રહેલા ફાસ્ટેગ માટે હવે કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટની ફરીથી માંગ કરવામાં આવશે નહીં.

બેંક વાહન પોર્ટલ પરથી સીધું વેરિફાય કરશે

NHAI એ ફાસ્ટેગ જારી કરનાર બેંકો માટે પણ નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે બેંકોએ ફાસ્ટેગ એક્ટિવેટ કરતા પહેલા વાહન પોર્ટલના ડેટાબેઝ દ્વારા વાહનનું પ્રી-એક્ટિવેશન વેલિડેશન કરવું ફરજિયાત રહેશે. આનો અર્થ એ છે કે, બેંક પોતે જ સરકારી ડેટા પરથી ગાડીની માહિતી વેરિફાય કરશે, જેથી ગ્રાહકને પછીથી ઓફિસોના ધક્કા ન ખાવા પડે. આ ડિજિટલ ઓટોમેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે.

ટોલ પર પેમેન્ટ કરવામાં સમયની બચત થશે

NHAIના એક અધિકારીએ જણાવ્યું કે, આ સુધારો સામાન્ય રોડ યુઝર્સના સમયની બચત માટે લાવવામાં આવ્યો છે. ઘણીવાર જોવા મળ્યું છે કે માન્ય વાહન દસ્તાવેજો હોવા છતાં, યુઝર્સને પોસ્ટ-ઈશ્યુઅન્સ KYVને કારણે ટોલ પ્લાઝા પર અથવા પેમેન્ટ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ બદલાવ પછી ટોલ પેમેન્ટનો અનુભવ વધુ 'સીમલેસ' (અડચણ વિનાનો) બની જશે.





# આ અઠવાડિયે ચાંદી મોંઘી થઈ, સોનાના ભાવ ઘટ્યા

**સોનું ₹3174 ઘટીને ₹1.35 લાખ પર આવ્યું, ચાંદી ₹6443 વધીને ₹2.35 લાખ પ્રતિ કિલો થઈ**

**નવી દિલ્હી, તા. 03**

આ અઠવાડિયે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. સોનું 3,174 રૂપિયા ઘટીને 10 ગ્રામ દીઠ 1,34,782 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 26 ડિસેમ્બર, શુક્રવારે 1,37,956 રૂપિયા પર હતું. જ્યારે ચાંદીમાં ગયા અઠવાડિયે વધારો જોવા મળ્યો. ચાંદી 2,28,107 રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2,34,550 રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમતમાં 6,443 રૂપિયાનો વધારો થયો છે. 2025માં સોનું 75% અને ચાંદી 167% મોંઘી થઈ, ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું. આ સમય દરમિયાન ચાંદીનો ભાવ પણ 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ



વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ. ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા. ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

# રોકાણકારોને બેંકની FD કરતા વધારે વ્યાજ મળશે

## અદાણી એન્ટરપ્રાઈઝિસ આવતા અઠવાડિયે લોન્ચ કરશે ₹1000 કરોડનો પબ્લિક-બોન્ડ-ઈશ્યૂ

**મુંબઈ, તા. 03**

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ આવતા અઠવાડિયે પબ્લિક બોન્ડ ઈશ્યૂ દ્વારા 1000 કરોડ રૂપિયા એકત્ર કરવા જઈ રહી છે. સૂત્રો અનુસાર, તેમાં 500 કરોડનો ગ્રીનશૂ વિકલ્પ પણ સામેલ છે. ઈશ્યૂ 6 જાન્યુઆરીએ ખુલશે અને 19 જાન્યુઆરી 2026 સુધી ચાલશે. કંપની 2 વર્ષ, 3 વર્ષ અને 5 વર્ષની મેચ્યોરિટીવાળા બોન્ડ જાહેર કરશે. તેના પર વાર્ષિક કૂપન રેટ 8.60% થી 8.90% સુધી રાખવામાં આવ્યો છે. 2 વર્ષના બોન્ડ પર 8.60%, 3 વર્ષના બોન્ડ પર 8.75% અને 5 વર્ષના બોન્ડ પર 8.90% વ્યાજ મળશે. કૂપન પેમેન્ટ ત્રિમાસિક અથવા સંચિત ધોરણે પણ થઈ શકે છે. ઈશ્યૂને CARE અને ICRA તરફથી AA- રેટિંગ મળ્યું છે. રિટેલ રોકાણકારો માટે કુલ ઈશ્યૂનો 35% હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે. એરેન્જર્સ તરીકે નુવામા વેલ્થ મેનેજમેન્ટ, ટ્રસ્ટ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ અને ટિપ્સન્સ કન્સલ્ટન્સી સર્વિસિસ કામ કરી રહી છે.

કંપનીનો ત્રીજો પબ્લિક બોન્ડ ઈશ્યૂ હશે

આ કંપનીનો ત્રીજો પબ્લિક બોન્ડ ઈશ્યૂ હશે. આ પહેલા જુલાઈ 2025માં પણ 1000 કરોડ રૂપિયા આ જ પ્રકારના 2-3-5 વર્ષના ટ્રાન્ચમાં એકત્ર કરવામાં આવ્યા હતા. તે પહેલા સપ્ટેમ્બર 2024માં પ્રથમ પબ્લિક ડેટ ઈશ્યૂ કરવામાં આવ્યો હતો. બંને વખત રોકાણકારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. AA- રેટિંગનો અર્થ છે કે બોન્ડ પર સમયસર ચુકવણીની સંભાવના ઘણી ઊંચી છે. આ સિક્યોર્ડ



NCD છે, એટલે કે કંપનીની અસ્કયામતો દ્વારા સમર્થિત છે. જોખમ ઓછું માનવામાં આવે છે, પરંતુ બજારની પરિસ્થિતિઓ અનુસાર યીલ્ડ જોઈને રોકાણ કરો.

કંપની ફંડિંગ સોર્સને ડાયવર્સિફાય કરવા માંગે છે

કંપની ફંડિંગ સોર્સને ડાયવર્સિફાય કરવા માંગે છે અને બેલેન્સ શીટને મજબૂત બનાવવી છે. અદાણી એન્ટરપ્રાઈઝિસ એનર્જી, લોજિસ્ટિક્સ અને ઈન્ફ્રા સેક્ટરમાં કામ કરે છે. ઈશ્યૂ ફર્સ્ટ કમ ફર્સ્ટ સર્વના આધારે હશે, તેથી સારા પ્રતિસાદ પર તે વહેલો બંધ પણ થઈ શકે છે. જો તમે ફિક્સ્ડ ઈન્કમ વિકલ્પો શોધી રહ્યા છો, તો આ ઈશ્યૂ જોઈ શકો છો. કૂપન રેટ બેંક FD કરતાં સારો લાગી રહ્યો છે. પરંતુ અરજી કરતા પહેલા પ્રોસ્પેક્ટસ તપાસો અને તમારી જોખમ પ્રોફાઈલ સાથે મેળવો. કંપનીએ હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.

# કિયા સેલ્ટોસનું સેકન્ડ જનરેશન મોડેલ લોન્ચ : નવી ડિઝાઈન અને લેવલ-2 ADAS સાથે સૌથી લાંબી મીડ સાઈઝ SUV

**નવી દિલ્હી, તા. 03**

કિયા મોટર્સ ઈન્ડિયાએ 2 જાન્યુઆરીએ ભારતીય બજારમાં તેની લોકપ્રિય મિડ-સાઈઝ SUV 'કિયા સેલ્ટોસ'નું નવું સેકન્ડ જનરેશન મોડેલ લોન્ચ કર્યું છે. નવી 'સેલ્ટોસ'ની એક્સ-શોરૂમ કિંમત 10.99 લાખ રૂપિયા રાખવામાં આવી છે, જે ટોપ વેરિઅન્ટ માટે 19.99 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. નવી '2026 કિયા સેલ્ટોસ'ની બુકિંગ શરૂ થઈ ગઈ છે. તમે તેને ઓનલાઈન કે ઓફલાઈન 25000 રૂપિયાથી બુક કરી શકો છો. તેની સ્પર્ધા 'ટાટા સિએરા', 'હ્યુન્ડાઈ ક્રેટા', 'મારુતિ ગ્રાન્ડ વિટારા', 'ફોક્સવેગન ટાઈગુન' અને 'સ્કોડા કુશાક' સાથે છે. કારમાં ન માત્ર અંદર અને બહારની ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવ્યા છે, પરંતુ કોમ્પેક્ટ SUV સેગમેન્ટમાં તેને કોમ્પિટેટિવ બનાવવા માટે અપગ્રેડ પણ કરવામાં આવી છે. નવી 'સેલ્ટોસ'માં સુરક્ષા માટે 21 ઓટોનોમસ લેવલ-2 એડવાન્સ ડ્રાઈવિંગ આસિસ્ટ સિસ્ટમ (ADAS) ફીચર્સ આપવામાં




આવ્યા છે. આમાં સ્માર્ટ ક્રુઝ કંટ્રોલ, ફ્રન્ટ કોલિઝન એવોઈડન્સ આસિસ્ટ, લેન કીપિંગ આસિસ્ટ, પાર્કિંગ કોલિઝન એવોઈડન્સ આસિસ્ટ રિવર્સ અને ક્લસ્ટરમાં બ્લાઈન્ડ વ્યૂ મોનિટર જેવા ફીચર્સનો સમાવેશ થાય છે.

એક્સટીરિયર: 4.4 મીટર લંબાઈ સાથે સેગમેન્ટમાં સૌથી મોટી કાર પૈકીની એક

ન્યૂ જનરેશન કિયા સેલ્ટોસમાં કંપનીની નવી ડિઝાઈન થીમ અપનાવવામાં આવી છે, જેનાથી તે હાલના મોડેલથી અલગ દેખાય છે. તેનો લુક પહેલા કરતા ઘણો વધારે બોલ્ડ, શાર્પ અને પ્રીમિયમ થઈ ગયો છે. કાર બ્રાન્ડના K3 પ્લેટફોર્મ પર આધારિત છે. કારનું કદ વધારવામાં આવ્યું છે. તે હવે પહેલા કરતા 95mm લાંબી અને 30mm પહોળી થઈ ગઈ છે. તેનો વ્હીલબેઝ 80mm વધારવામાં આવ્યો છે. જોકે, ઊંચાઈ 10mm ઘટાડવામાં આવી છે.

# એર અને વોટર પ્યુરીફાયર સસ્તા ભાવે મળશે: સરકાર GST 18% થી ઘટાડીને 5% કરી શકે; ₹15,000 ના પ્યુરીફાયર પર 1,950 રૂપિયાની બચત થશે

**નવી દિલ્હી, તા. 03**

દેશના ઘણા ભાગોમાં વધતા પ્રદૂષણ અને ખરાબ હવા ગુણવત્તા વચ્ચે સામાન્ય માણસ માટે રાહતના સમાચાર આવી શકે છે. સરકાર એર અને વોટર પ્યુરિફાયર પર લાગતા GSTમાં મોટો ઘટાડો કરવાની તૈયારીમાં છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના એક રિપોર્ટ અનુસાર, GST કાઉન્સિલ આગામી 15 દિવસમાં બેઠક કરી શકે છે, જેમાં આ ઉપકરણો પરના ટેક્સને 18% થી ઘટાડીને 5% કરવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના છે.

જરૂરી સામાનની કેટેગરીમાં આવી શકે છે પ્યુરિફાયર

હાલમાં એર અને વોટર પ્યુરિફાયરને 'ડિસ્ક્રેશનરી' એટલે કે લક્ઝરી વાળી કેટેગરીમાં રાખવામાં આવ્યા છે, જેના કારણે તેના પર 18% GST લાગે છે. સરકાર હવે તેમને 'જરૂરી વસ્તુ'ની કેટેગરીમાં મૂકવા પર વિચાર કરી રહી છે. જો આ નિર્ણય લાગુ થાય છે, તો પ્યુરિફાયરની કિંમતોમાં 10% થી 15% સુધીનો ઘટાડો આવી શકે છે. તેનાથી ઓછી આવક ધરાવતા પરિવારો માટે પણ સ્વચ્છ હવા અને સુરક્ષિત પાણીની વ્યવસ્થા કરવી સરળ બનશે.

દિલ્હી હાઈકોર્ટની કડકાઈ બાદ દબાણ વધ્યું

ટેક્સ ઘટાડવાની આ ચર્ચા પાછળ દિલ્હી હાઈકોર્ટની દખલગીરી પણ એક મોટું કારણ છે. તાજેતરમાં એક જનહિત અરજી (PIL) પર સુનાવણી કરતા કોર્ટે કેન્દ્ર સરકારને સખત ઠપકો આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે જો દિલ્હી-NCRમાં નાગરિકોને સ્વચ્છ હવા નથી મળી રહી, તો ઓછામાં ઓછો તે મશીનો પર ટેક્સ ઓછો કરવો જોઈએ જે હવા સાફ કરે છે. કોર્ટે કાઉન્સિલને વહેલી તકે બેઠક બોલાવવાનો નિર્દેશ આપ્યો હતો.

સંસદીય સમિતિએ પણ ટેક્સ ઘટાડવાની સલાહ આપી હતી

માત્ર કોર્ટ જ નહીં, પરંતુ વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ પણ ડિસેમ્બરના તેના રિપોર્ટમાં તેના પર ભાર મૂક્યો હતો. સમિતિનું કહેવું હતું કે નાગરિકોએ સ્વચ્છ હવા અને પાણી માટે વધારાનો ટેક્સ ચૂકવવો ન જોઈએ. એર અને વોટર પ્યુરીફાયરની સાથે-સાથે તેમના સ્પેરપાર્ટ્સ (જેમ કે ફિલ્ટર્સ) પર પણ ટેક્સ નાબૂદ કરવા અથવા ઘટાડવાની ભલામણ કરવામાં આવી હતી.

ઉંદર મારવાની દવાઓ પર પણ રાહત મળી શકે છે

કાઉન્સિલની બેઠકમાં માત્ર પ્યુરીફાયર જ નહીં, પરંતુ ઘરેલું ઉપયોગમાં આવતી કેટલીક અન્ય જરૂરી ચીજવસ્તુઓ પર પણ ચર્ચા થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, ઘરોમાં ઉપયોગમાં લેવાતા જંતુનાશક અને ઉંદર મારવાની દવાઓ પર પણ ટેક્સ ઘટાડી શકાય છે. હાલમાં તેના પર પણ 18% GST લાગે છે, જેને ઘટાડીને 5% ના સ્લેબમાં લાવવાનો પ્રસ્તાવ છે. ઈન્ડસ્ટ્રી બોડીઝ અને ઘણા રાજકીય નેતાઓ લાંબા સમયથી પ્યુરિફાયર પર ટેક્સ ઘટાડવાની માગ કરી રહ્યા હતા. નવેમ્બરમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ કેન્દ્રને પત્ર લખીને એર અને વોટર પ્યુરિફાયરને ટેક્સ ફ્રી કરવાની અપીલ કરી હતી. જાણકારોનું કહેવું છે કે વધતા પ્રદૂષણથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓને જોતા આ નિર્ણય ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

સમજો કેટલું સસ્તું થશે પ્યુરિફાયર? ધારો કે તમે 15,000 રૂપિયાનું એર પ્યુરિફાયર ખરીદો છો. હાલમાં (18% GST): તમારે લગભગ 2,700 રૂપિયા ફક્ત ટેક્સ આપવો પડે છે.

પ્રસ્તાવિત (5% GST): તમારે ફક્ત 750 રૂપિયા ટેક્સ આપવો પડશે.

ફાયદો: 1,950 રૂપિયાની બચત.




# મંથલી ઈનકમ એકાઉન્ટથી દર મહિને 9,250ની કમાણી

**નવી દિલ્હી, તા. 03**

સરકારે જાન્યુઆરી-માર્ચ (Q4FY26) માટે સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે, તમને પહેલા જેટલું જ વ્યાજ મળતું રહેશે. જો તમે નિવૃત્તિ પછી અથવા તે પહેલાં તમારા માટે દર મહિને એટલે કે માસિક આવકનો બંદોબસ્ત કરવા માંગો છો, તો પોસ્ટ ઓફિસનું નેશનલ સેવિંગ્સ મંથલી ઈનકમ એકાઉન્ટ યોગ્ય રહેશે. આ સ્કીમમાં હાલમાં 7.4% વાર્ષિક વ્યાજ મળી રહ્યું છે. આના દ્વારા તમે તમારા માટે દર મહિને 9,250 રૂપિયાની આવકનો બંદોબસ્ત કરી શકો છો. આ સ્કીમમાં 5 વર્ષ માટે રોકાણ કરવાનું હોય છે. અમે તમને આ સ્કીમ વિશે જણાવી રહ્યા છીએ. સૌ પ્રથમ જાણો પોસ્ટ ઓફિસ મંથલી ઈનકમ સ્કીમ શું છે? પોસ્ટ ઓફિસ મંથલી ઈનકમ એકાઉન્ટ ભારત સરકાર દ્વારા સમર્થિત એક નાની બચત યોજના છે, જે એવા લોકો માટે બનાવવામાં આવી છે જેઓ પોતાના પૈસા સુરક્ષિત રાખીને દર મહિને નિશ્ચિત આવક ઈચ્છે છે. આ સ્કીમ ખાસ કરીને નિવૃત્ત લોકો, વડીલો અથવા એવા લોકો માટે ફાયદાકારક છે, જેઓ જોખમથી બચવા માંગે છે અને નિયમિત આવકનો સ્ત્રોત શોધી રહ્યા છે. તેને એક પ્રકારની ટર્મ ડિપોઝિટ કહી શકાય. આ સ્કીમમાં વાર્ષિક મળતા વ્યાજને 12 મહિનામાં વહેંચી દેવામાં આવે છે અને તે રકમ તમને દર મહિને મળતી રહે છે. જો તમે માસિક પૈસા ન કાઢો તો તે તમારા પોસ્ટ ઓફિસ સેવિંગ્સ એકાઉન્ટમાં રહેશે. જોકે આ વ્યાજ પર તમને વ્યાજ નહીં મળે. વ્યાજની ચુકવણી મૂળ રકમ પર જ કરવામાં આવશે. ધારો કે તમે આ યોજનામાં 9 લાખ રૂપિયાનું રોકાણ કરો છો, તો હવે તમને 7.4% વાર્ષિક વ્યાજ દર મુજબ વાર્ષિક 66 હજાર 600 રૂપિયા વ્યાજ મળશે. જ્યારે જો તમે આમાં જોઈન્ટ એકાઉન્ટ હેઠળ 15 લાખનું રોકાણ કરો છો, તો તમને વાર્ષિક 1 લાખ 11 હજાર રૂપિયા વ્યાજ મળશે. જો તેને 12 મહિનામાં સમાન રીતે વહેંચવામાં આવે, તો તમને દર મહિને 9,250 રૂપિયા મળશે. જો રિટર્નને ઉપાડવામાં ન આવે, તો તેના પર પણ વ્યાજ મળે છે. નોંધ: આ ગણતરી અંદાજિત રીતે કરવામાં આવી છે. સરકાર દર 3 મહિને સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સ પર મળતા વ્યાજની સમીક્ષા કરે છે. 5 વર્ષ પછી જમા કરેલા પૈસા પાછા મળી જશે, તેનો મેચ્યોરિટી પિરિયડ 5 વર્ષનો છે. એટલે કે, સ્કીમ પૂરી થવા પર તમારી પૂરી જમા પૂંજી તમને પાછી મળશે. જોકે, જો તમે ઈચ્છો તો આ પૈસાને ફરીથી આ જ યોજનામાં રોકાણ કરીને માસિક આવકનું સાધન જાળવી રાખી શકો છો. કોણ ખોલી શકે છે એકાઉન્ટ? આ ખાતું કોઈ સગીરના નામે અને 3 પુખ્ત વયના લોકોના નામે સંયુક્ત ખાતું પણ ખોલી શકાય છે. 10 વર્ષથી વધુ ઉંમરના સગીરના નામે પણ માતા-પિતાની દેખરેખ હેઠળ ખાતું ખોલી શકાય છે. એકાઉન્ટ ખોલાવવા માટે આધાર-પાન જરૂરી, કેન્દ્ર સરકારે PPF, સુકન્યા સમૃદ્ધિ અને નેશનલ સેવિંગ્સ મંથલી ઈનકમ એકાઉન્ટ સહિત અન્ય પોસ્ટ ઓફિસ બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે પાન અને આધાર કાર્ડ ફરજિયાત બનાવ્યા છે. હવેથી સરકારની યોજનાઓમાં એકાઉન્ટ ખોલવા માટે આધાર નંબર અથવા આધાર એનરોલમેન્ટ સ્લિપ જોડવી જરૂરી રહેશે. આમાં એકાઉન્ટ કેવી રીતે ખોલાવી શકાય? આ માટે સૌ પ્રથમ પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવું પડશે. નેશનલ સેવિંગ્સ મંથલી ઈનકમ એકાઉન્ટ માટે એક ફોર્મ ભરવું પડશે. ફોર્મ સાથે એકાઉન્ટ ખોલવા માટે નિર્ધારિત રકમ માટે રોકડ અથવા ચેક જમા કરો. આ પછી તમારું ખાતું ખુલી જશે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઈ-ઓક્શન**

અમદાવાદ મંડળ ઉપરથી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઈ-ઓક્શન મંગાવવામાં આવ્યું છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવ્યા છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે

| કેટલોગ નંબર | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| લીઝ-ADI-01-26 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ પાર્સલ વાન | બધા લોટ માટે ઈ-ઓક્શન 19.01.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |

**નોંધ:** સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ (**www.ireps.gov.in**) પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ મુજબની વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ સમયગાળો 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબનો બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI 245

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**OHE ફેરફાર કાર્ય**

ઈ-ટેન્ડર - સૂચના નંબર : Sr.DEE/TR/ADI/29/TR/ADI/29(2025-26) તારીખ 02.01.2026 ટેન્ડર નંબર: TRD-ADI-T-20-2025-26 કાર્યનું નામ: વિરમગામ - ધ્રાંગધ્રા વિભાગમાં ROB અને RUB ને બદલે LC નાબૂદ કરવાના સંદર્ભમાં OHE ફેરફાર અંદાજિત કિંમત: 1,04,85,134/- કમાણી: 2,02,400/- જમા કરાવવાની તારીખ અને સમય: 30.01.2026 ના 15:00 કલાક પછી નહીં. ખુલવાની તારીખ અને સમય: 30.01.2026 ના 15.30 કલાકે. કાર્યાલયનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in

ADI 244

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### શિક્ષકો એમ્બ્યુલન્સના બદલે કારમાં લઈ ગયા, બે દવાખાને ફેરવી; માતા-પિતાના શાળા પર બેદરકારીના આક્ષેપ

# ઉમરગામની શાળામાં મેરેથોન દોડ બાદ 16 વર્ષીય વિદ્યાર્થીનીનું મોત

**■ સ્કૂલ ટીચર માધવીએ જણાવ્યું કે મેરેથોન વ્યવસ્થિત પૂર્ણ થઈ હતી અને રોશની બીજા નંબરે આવી હતી, પરંતુ ત્યારબાદ આ અઘટિત ઘટના બની હતી**



**વલસાડ, તા.03**

વલસાડ જિલ્લાના ઉમરગામમાં આવેલી ભારતી એકેડમી સ્કૂલમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી શોકમાં ફેરવાઈ ગઈ હતી. 5 કિમીની મેરેથોન દોડ પૂર્ણ કર્યા બાદ બીજા ક્રમે આવેલી 16 વર્ષીય વિદ્યાર્થિની અચાનક ગ્રાઉન્ડ પર જ ઢળી પડી હતી અને ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારજનોએ શાળા સંચાલકોની બેદરકારી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.મળતી માહિતી મુજબ, ઉમરગામની ભારતી એકેડમી સ્કૂલમાં અભ્યાસ કરતી રોશનિગીરી ગોસ્વામી નામની 16 વર્ષીય વિદ્યાર્થીનીએ શાળા દ્વારા આયોજિત 5 કિમી મેરેથોન દોડમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રોશનીએ શાનદાર પ્રદર્શન કરી દોડમાં બીજો ક્રમાંક મેળવ્યો હતો. દોડ પૂર્ણ કર્યા બાદ તેણે ફિનિશ લાઈન પાસે શિક્ષકોને પોતાનું નામ પણ નોંધાવ્યું હતું, પરંતુ થોડી જ ક્ષણોમાં બેભાન થઈને પડી ગઈ હતી. સ્કૂલ ટીચર માધવીએ જણાવ્યું કે મેરેથોન વ્યવસ્થિત પૂર્ણ થઈ હતી અને રોશની બીજા નંબરે આવી હતી, પરંતુ ત્યારબાદ આ અઘટિત ઘટના બની હતી. સાથી વિદ્યાર્થીનીઓએ તેના હાથ-પગ ઘસીને તેને ભાનમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો. બીજી એક વિદ્યાર્થીનીએ કહ્યું કે તેને માઉથ ટુ માઉથ સીપીઆર આપ્યું હતું. ત્યારબાદ તેને તાત્કાલિક કારમાં ખાનગી હોસ્પિટલ અને ત્યાંથી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. મૃતક વિદ્યાર્થીનીના પિતા રાકેશગિરીએ શાળા પ્રશાસન સામે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'શાળા પાસે એમ્બ્યુલન્સની કોઈ વ્યવસ્થા નહોતી. મારી દીકરી ગ્રાઉન્ડ પર જ દમ તોડી ચૂકી હતી અને તેઓ તેને અહીં-તહીં ફેરવતા રહ્યા.' માતાએ રડતા અવાજે જણાવ્યું કે, 'સવારે તે રસોઈ બનાવી, ભાઈને ટિફિન આપી અને મને પગે લાગીને મેરેથોનમાં જવા નીકળી હતી. તેને કોઈ બીમારી નહોતી.' મૃતક વિદ્યાર્થીનીના સંબંધી જાનવતી બહેને કહ્યું કે આ બાળકી ગ્રાઉન્ડ પર બેભાન થઈ ગઈ અને અડધી કલાક સુધી શિક્ષકોએ રાહ જોઈ કે સારું થઈ જશે.

### શાળા સંચાલકો - શિક્ષકો સામે અનેક સવાલો

5 કિમી જેવી લાંબી દોડના આયોજન વખતે ગ્રાઉન્ડ પર કોઈ મેડિકલ ટીમ કે એમ્બ્યુલન્સ હાજર ન હોવાનો પરિવારનો આક્ષેપ છે. જો સમયસર CPR જેવી પ્રાથમિક સારવાર મળી હોત તો જીવ બચી શક્યો હોત.

### સીપીઆર અંગે પ્રિન્સિપાલે ગોળ ગોળ જવાબ આપ્યાં

શાળાના પ્રિન્સિપાલ રાકેશ શર્માએ કહ્યું કે અમે આ મેરેથોનમાં ભાગ લેતા પહેલા વિદ્યાર્થીના માતા-પિતાની સંમતિ લઈએ છીએ અને જો વિદ્યાર્થી ફીટ હોય તો જ મેરેથોનમાં ભાગ લેવા દઈએ છીએ.

**પરિવારના શાળા પર બેદરકારીના આક્ષેપ** મૃતક વિદ્યાર્થીનીના પિતા રાકેશગિરીએ શાળા પ્રશાસન સામે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'શાળા પાસે એમ્બ્યુલન્સની કોઈ વ્યવસ્થા નહોતી. મારી દીકરી ગ્રાઉન્ડ પર જ દમ તોડી ચૂકી હતી અને તેઓ તેને અહીં-તહીં ફેરવતા રહ્યા.

# ગુજરાત પોલીસની તૈયારી કરતા ઉમેદવારો તૈયાર થઈ જાઓ

## PSI અને LRDની 13,591 જગ્યાઓ માટે શારીરિક કસોટી 21 જાન્યુ.થી શરૂ, કોલલેટર અંગે ટૂંક સમયમાં જાહેરાત

**અમદાવાદ, તા.03**

ગુજરાત પોલીસમાં PSI અને LRDની કુલ 13,591 જગ્યાઓની ભરતી માટે શારીરિક કસોટી આગામી 21 જાન્યુઆરી 2026થી શરૂ થવાની છે. જોકે, શારીરિક કસોટી માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા અંગેની વિગત ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે તેમ ભરતી બોર્ડ દ્વારા જાણાવાયું છે. PSI અને લોકરક્ષક કેડર માટે 13,591 જગ્યાઓ માટે યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 14,28,546 ઉમેદવારોએ અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે, PSI અને LRD જેવી મહત્વપૂર્ણ કેડરની ભરતી માટે શારીરિક કસોટી મહત્વપૂર્ણ માપદંડ ગણાય છે. તેથી ઉમેદવારોને તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા તથા શારીરિક ધોરણો અંગે પૂર્વ તૈયારી રાખવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારોને સલાહ પણ આપવામાં આવી છે કે, તેઓ નિયમિત રીતે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની અધિકૃત વેબસાઈટ પર નજર રાખે અને આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. આ ભરતીમાં લોકરક્ષક કેડર (LRD) માટે 12,733 અને PSI કેડર માટે 858 જગ્યાઓ જાહેર કરવામાં આવી છે. LRD માં બિનહથિયારી, હથિયારી, SRPF તેમજ જેલ સિપાહીનો સમાવેશ



થાય છે, જ્યારે PSI માં બિનહથિયારી, હથિયારી અને જેલર ગ્રુપ-2ની ભરતી કરવામાં આવશે. જોકે, શારીરિક કસોટી માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા અંગેની વિગત ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે તેમ ભરતી બોર્ડ દ્વારા જાણાવાયું છે. PSI અને લોકરક્ષક કેડર માટે 13,591 જગ્યાઓ માટે યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 14,28,546 ઉમેદવારોએ અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે, PSI અને LRD જેવી મહત્વપૂર્ણ કેડરની ભરતી માટે શારીરિક કસોટી મહત્વપૂર્ણ માપદંડ ગણાય છે. તેથી ઉમેદવારોને તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા તથા શારીરિક ધોરણો અંગે પૂર્વ તૈયારી રાખવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારોને સલાહ પણ આપવામાં આવી છે કે, તેઓ નિયમિત રીતે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની અધિકૃત વેબસાઈટ પર નજર રાખે અને આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. આ ભરતીમાં લોકરક્ષક કેડર (LRD) માટે 12,733 અને PSI કેડર માટે 858 જગ્યાઓ જાહેર કરવામાં આવી છે. LRD માં બિનહથિયારી, હથિયારી, SRPF તેમજ જેલ સિપાહીનો સમાવેશ થાય છે, જ્યારે PSI માં બિનહથિયારી, હથિયારી અને જેલર ગ્રુપ-2ની ભરતી કરવામાં આવશે. જોકે, શારીરિક કસોટી માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા અંગેની વિગત ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે તેમ ભરતી બોર્ડ દ્વારા જાણાવાયું છે. PSI અને લોકરક્ષક કેડર માટે 13,591 જગ્યાઓ માટે યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 14,28,546 ઉમેદવારોએ અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે, PSI અને LRD જેવી મહત્વપૂર્ણ કેડરની ભરતી માટે શારીરિક કસોટી મહત્વપૂર્ણ માપદંડ ગણાય છે.

# 'સફેદ પરીંદે'ના મેનેજર સાથે 5 લાખનું ફ્રોડ

**અમદાવાદના યુવકે 45 પાસ ખરીદી ઓનલાઇન પેમેન્ટના ફેક સ્ક્રીનશોટ બતાવ્યાં ; ખોટા વાયદા કરી ધમકી આપતા FIR**

**અમદાવાદ, તા.03**

ગાંધીનગરના ઈન્ફોસિટી ક્લબ ખાતે આયોજિત નવરાત્રિ ઈવેન્ટમાં ટિકિટના પૈસા ચૂકવ્યા વગર છેતરપિંડી આચરવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની એક મહિલા ઈવેન્ટ મેનેજરને વિશ્વાસમાં લઈ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કર્યાના ખોટા સ્ક્રીનશોટ મોકલી એક ગઠિયો 'સફેદ પરીંદે'ના 45 મોંઘાદાટ પાસ મેળવી રૂ.4.50 લાખનો ચૂનો લગાવી ગયો હોવાની ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ ચોપડે નોંધાઈ છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા અને 'સફેદ પરીંદે ઈવેન્ટ મેનેજમેન્ટ' કંપની ચલાવતા નમ્રતાબેન પટવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત નવરાત્રિ દરમિયાન ઈન્ફોસિટી ક્લબ ખાતે તેમની કંપની દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. એક પાસની કિંમત રૂ.10,000 નક્કી કરવામાં આવી હતી. આ દરમિયાન ઋષિલ શાહ નામના શખસે નમ્રતાબેનનો સંપર્ક કરી બે દિવસમાં અલગ-અલગ કટકે કુલ 45 પાસની માંગણી કરી હતી. બાદમાં તેણે નમ્રતાબેન પાસે બેંક ડિટેલ્સ મંગાવી હતી અને થોડીવારમાં રૂ. 1,40,000 તથા રૂ. 3,10,000 ટ્રાન્સફર થઈ ગયા હોવાના 'ટ્રાન્ઝેક્શન સક્સેસફુલ'ના સ્ક્રીનશોટ વ્હોટ્સએપ પર મોકલી આપ્યા હતા. આથી પેમેન્ટ થઈ ગયું છે.

# ગાંધીનગરમાં બે અકસ્માતમાં બેના મોત : કૂતરાને બચાવવા જતાં બુલેટ સ્લિપ થતા ખેડૂતે દમ તોડ્યો

**ગાંધીનગર, તા.03**

ગાંધીનગરમાં ડભોડા અને પ્રાંતિયા નજીક સર્જાયેલા બે ગમખ્વાર અકસ્માતમાં બે વ્યક્તિના કરુણ મોત નીપજ્યા છે. ડભોડામાં ખેતરેથી પરત ફરી રહેલા આધેડ ખેડૂતનું બુલેટ સ્લિપ થતાં મોત થયું છે, જ્યારે ચિલોડા હાઈવે પર બંધ પડેલા આઈસર પાછળ ટાટા સુપર એસ ઘૂસી જતાં ચાલકે જીવ ગુમાવ્યો છે. આ બંને માર્ગ અકસ્માતો અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અકસ્માતના બે ગંભીર કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. દાદુનગર બહુચર ફાર્મ




પાસે રહેતા અને ખેતીકામ કરતા 58 વર્ષીય ભલાજી જીવણજી સોલંકી 2 જાન્યુઆરીની સાંજે પોતાના ખેતરેથી પરત ફરી રહ્યા હતા. દરમિયાન તેઓ ડભોડા-દાદુનગરથી પ્રભુપુરા રોડ પર તેઓ પોતાનું રોયલ એનફિલ્ડ બુલેટ લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક રોડ પર કૂતરું આવી ગયું હતું. આથી કૂતરાને બચાવવા જતાં ભલાજીએ બુલેટ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતા પરિવારજનો તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના ભાઈ હાલુસિંહ સોલંકીએ આ મામલે ડભોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે બીજી ઘટના અમદાવાદ-ચિલોડા નેશનલ હાઈવે 48 પર બની હતી. બટાકા ભરીને અમરાઈવાડી ખાલી કરી પરત માણસા જઈ રહેલું આઈસર પ્રાંતિયા ઓવરબ્રિજ પાસે પહોંચ્યું, ત્યારે અચાનક ટાયર જામ થઈ જતાં રોડની વચ્ચે જ ખોટવાયું હતું. આથી આઈસરનો ડ્રાઈવર જિલાભાઈ ભરવાડ નીચે ઉતરીને પાછળના વાહનોને સાવચેત કરવા માટે કોઈ વસ્તુ શોધવા ગયો ગયો હતો. તે જ સમયે પાછળથી પૂરઝડપે આવતી ટાટા સુપર એસ (GJ-18-AV-9038) આઈસરના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ટાટા સુપર એસની કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેના ચાલક ભરતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (રહે. સાદરા, મોતીપુરા)નું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ મામલે આઈસર ચાલકે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# ઈન્દોરની જેમ ગાંધીનગરમાં ટાઇફોઇડનો વિસ્ફોટ, પીવામાં ગટરનું પાણી ભળ્યું

**અમદાવાદ, તા.03**

ગાંધીનગરમાં દૂષિત પાણીને કારણે ટાઈફોઈડનો વિસ્ફોટ થયો છે, જેમાં 100થી વધુ બાળકો સહિત અનેક લોકો સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને છેલ્લા ત્રણ દિવસમાં પોઝિટિવ કેસોના દરમાં 50 ટકાનો ઉછાળો આવતાં હાહાકાર મચી ગયો છે. સ્માર્ટ સિટી યોજના હેઠળ કરોડોના ખર્ચે નખાયેલી નવી પાઈપલાઈનોમાં ગટરનું પાણી ભળી જવાની ગંભીર બેદરકારી સામે આવતાં સેક્ટર-24, 28 અને આદિવાડા જેવા વિસ્તારો રોગચાળાની લપેટમાં આવ્યા છે તપાસ દરમિયાન પાણી પીવાલાયક ન હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો વધતાં તાત્કાલિક નવો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે, બીજી તરફ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર 'જનઆંદોલન'ની ચીમકી ઉચ્ચારી છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં આવા દૂષિત પાણી પીવાથી અત્યારસુધીમાં 16 લોકો મોતને ભેટ્યા છે. ગાંધીનગરમાં તંત્ર સમયસર પગલાં નહીં લે તો મોટી જાનહાનિ થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં ટાઈફોઈડ કેસો સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર તેમજ આરોગ્ય અધિકારી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. એ બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ગાંધીનગરમાં ટાઈફોડના વકરતા પ્રકોપને પગલે ગૃહમંત્રી અમિત શાહે સ્થિતિની ગંભીરતાથી નોંધ લઈ કલેક્ટર સાથે ટેલિફોનિક ચર્ચા કરી હતી. હાલમાં 104 જેટલા શંકાસ્પદ કેસો નોંધાયા હોવાથી તંત્ર દ્વારા 22 ડોક્ટરોની સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે અને ઉચ્ચ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. કલેક્ટર અને મેયર દ્વારા હોસ્પિટલોમાં રૂબરૂ નિરીક્ષણ કરી દર્દીઓની સારવાર તેમજ તેમનાં પરિવારજનો માટે રહેવા-જમવાની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી. ગૃહમંત્રી દ્વારા આ મામલે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને તેઓ સાંજે ફરી એકવાર વહીવટી તંત્ર સાથે સ્થિતિની સમીક્ષા કરશે.

# પોક્સોના આરોપીને પકડવા ગાંધીનગર પોલીસનું ફિલ્મી ઓપરેશન

**અમદાવાદ, તા.03**

દહેગામ પોલીસે ત્રણ વર્ષથી ફરાર બળાત્કાર (પોક્સો) કેસના આરોપીને પકડવા માટે ફિલ્મી સ્ટાઈલમાં અનોખું ઓપરેશન પાર પાડ્યું છે. ફુગ્ગા, શાકભાજી અને કટલરી વેચનારા બનીને મહેસાણાના ટી.બી. રોડ પર વોચ ગોઠવી પોલીસે આરોપી ધનપાલસિંહ ઉર્ફે ભયજી ભીમસિંહ ચૌહાણ (યુવરાજસિંહ ભીમસિંહ ચાવડા)ને એકાએક ઘેરી લીધો અને ઝડપી પાડ્યો છે. ASP આયુષ જૈનના માર્ગદર્શનમાં પીઆઈ મુકેશ દેસાઈની સર્વેલન્સ ટીમે આ માસ્ટર પ્લાન ઘડીને ત્રણ વર્ષથી પોલીસને થાપ આપી રહેલા આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. કોઈ ક્રાઈમ થ્રિલર ફિલ્મના દ્રશ્યો જેવું જ એક ઓપરેશન ગાંધીનગરની દહેગામ પોલીસ ટીમે પાર પાડ્યું છે. મહેસાણાના રસ્તાઓ પર ફુગ્ગા, શાકભાજી અને કટલરી વેચનારા બનીને વોચ ગોઠવી પોલીસે ત્રણ વર્ષથી ફરાર આરોપીને અંતે જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

